# અખિલ ભારત સાધુ સમાજનાં પ્રમુખ પૂ. મુકતાનંદબાપુનાં વરદ્‌હસ્તે

# ડાયમંડ કિંગ ગોવિંદભાઈ ધોળકીયાની આત્મકથાનાં સંસ્કરણનું વિમોચન

### અમરેલીનાં સાહિત્ય રસિકો અને ગોવિંદભાઈનાં ચાહકો દ્વારા વિશિષ્ઠ આયોજન

### વરિષ્ઠ પત્રકાર અને લેખક દિલીપભાઈ ભટ્ટ ગ્રંથનો રસાસ્વાદ કરાવશે

### શિક્ષણવિદ્‌ ગિજુભાઈ ભરાડ અને લલ્લુભાઈ શેઠ હોસ્પિટલનાં ટ્રસ્ટી હરેશ મહેતાની ઉપસ્થિતિ


### ૨૮ ઓગષ્ટનાં બુધવારે સાંજે ૫:૩૦ કલાકે હોટેલ લોર્ડસમાં કાર્યક્રમ યોજાશે

અમરેલી, તા. ૨૩

અમરેલી જીલ્લાના પનોતા પુત્ર, ડાયમંડ ઈન્ડસ્ટ્રીઝમાં જેમની હાક વાગે છે તેવા હાલ સુરત સ્થિત ગોવિંદભાઈ ધોળકીયાના નામથી માત્ર અમરેલી જ નહીં પણ ગુજરાતમાં પણ કોઈ ભાગ્યે જ અજાણ હશે. વર્ષોથી સુરતમાં સ્થાયી થયા હોવા છતાં આજે પણ અમરેલી જીલ્લાને અને પોતાના વતનના ગામ દુધાળાને દિલોજાનથી ચાહતા ગોવિંદભાઈ અનેકાનેક સમાજ સેવા કાર્યોના પ્રેરકબળ બની રહયા છે. નિરાભિમાની અને ભગવદ્‌ ગીતાના અનન્ય સાધક ગોવિંદભાઈ અમરેલી જીલ્લાના લાઠી તાલુકાના દુધાળા જેવા નાનકડા ગામડામાં એક સામાન્ય ખેડુત પરિવારને ત્યાં જન્મી ખુબ જ સંઘર્ષ કરી આપબળે આજે સુરતના હીરા ઉદ્યોગમાં શિરમોર સ્થાને બિરાજે છે.

તેમની આ ઉર્ધ્વ યાત્રામાં તેમણે નૈતિક મૂલ્યોનું જીવથી પણ વધુ જતન કર્યુ છે અને એટલે જ સંપત્તિની સાથે સાથે અઢળક કિર્તી કમાયા છે. તેમના શુભેચ્છકો અને ચાહકોના આગ્રહથી તેમણે તેમની આ જીવનયાત્રા તેમની આત્મકથામાં આલેખી છે જે મુળ અંગ્રેજી સ્વરૂપે ૨૦૨૦માં પ્રસિધ્ધ થયેલ પણ તેનું ગુજરાતી સંસ્કરણનું આર.આર. શેઠ એન્ડ કું. દ્વારા સપ્ટેમ્બર ૨૦૨૩માં પ્રકાશન થયું છે.

ગોવિંદભાઈના પ્રામાણિક પુરૂષાર્થની કથાનો આ ગ્રંથ જીવન વિશેની તેમની દ્રષ્ટિ અને ફંડા પર વિશેષ પ્રકાશ પાડે છે. જે ખાસ કરીને યુવાનો માટે જીવનપંથ બની શકે તેવું સત્વ ધરાવે છે. તેમની આત્મકથાના ગુજરાતી અનુવાદનું વિમોચન ચાપરડાના સંત પ.પૂ. મુકતાનંદ









બાપુના વરદ્‌ હસ્તે થશે. આ કાર્યક્રમમાં જાણીતા ઉદ્યોગપતિ અને સાવરકુંડલાની લલ્લુભાઈ શેઠ હોસ્પીટલના પ્રણેતા હરેશભાઈ મહેતા તથા ખુબજ જાણીતા શિક્ષણવિદ્‌ ગિજુભાઈ ભરાડ મુખ્ય મહેમાન તરીકે રહેશે. આ આત્મકથાના ગ્રંથો રસાસ્વાદ વરિષ્ઠ પત્રકાર અને લેખક દિલીપ ભટ્ટ કરાવશે. આર.આર. શેઠ વતી ચિંતનભાઈ શેઠ પણ પ્રકાશક વતી તેમનું કથન રજુ કરશે.

સત્‌ ચરિત્ર પરિક્રમા સમિતિ–અમરેલી વતી ડો. ભરત કાનાબારે જણાવ્યું હતું કે, તા. ૨૮મી ઓગષ્ટના બુધવારે સાંજે ૫:૩૦ કલાકે, અમરેલીની લોર્ડઝ એન્જલ હોટેલમાં યોજાનાર આ કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ ગોવિંદભાઈના સ્વમુખેથી તેમની જીવનયાત્રા વિશે તેમનું ખુદનું વકતવ્ય રહેશે.

આ કાર્યક્રમને સફળ બનાવવા સાહિત્ય ક્ષેત્રની અમરેલીની વિવિધ સંસ્થાઓ–અમરેલી જીલ્લા સાહિત્ય સર્જક પરિવાર, રમેશ પારેખ સાહિત્ય વર્તુળ, ગદ્ય સાહિત્ય સભા, લોક સાહિત્ય સેતુ, સંવાદ સંસ્થા શંકરા ગૃપ તથા મુકુંદભાઈ મહેતા, બિપીનભાઈ જોષી, દિપકભાઈ વઘાસીયા, કેતનભાઈ કાનપરીયા, રાજુભાઈ કામદાર, ચેતનભાઈ રાવળ , વિપુલભાઈ ભટ્ટી, કમલેશભાઈ ગરાણીયા, રોહીતભાઈ જીવાણી, મધુભાઈ આજુગીયા, તુલસીભાઈ મકવાણા, કિશોરભાઈ મિશ્રા, નયન જોષી (બેદી), ટોમભાઈ અગ્રાવત વિગેરે જહેમત ઉઠાવી રહયા છે.

### જનતાનાં પૈસાનો ધુમાડો થયો

# લ્યો બોલો : બગસરાનાં અધિકારીઓ શાળા બંધ હોવા છતા એસ.ટી. બસ દોડાવી

### શાળા બંધ હોય તેની ખબર જ ન હતી

બગસરા, તા. ૨૩

બગસરા એસ .ટી. ડેપોમાં ફરજ બજાવતા એ ટી આઈ દ્વારા ખાલી રૂટો દોડવવામાં આવ્યા હતા. જેના હિસાબ લાખો રૂપિયાનો ધુમાડો થયો હતો. જયારે જાણવા મળતી વિગત મુજબ, બગસરાથી જતા આજુબાજુનના ગામોમાં વિદ્યાર્થીને તેડવા મૂકવા જતા હોય છે. જેમાં બગસરાથી ટિંબલા – પાણીયા, બગસરાથી ઘંટીયાણા, બગસરાથી રફાળા જેવા રૂટોમાંથી એક રૂટમાં ૪૦ રૂપિયા તથા બાકી બીજા બે રૂટમાં નીલ એટલે કે એક પણ પેસેન્જર વગરની ખાલી ગાડી દોડી નિશાળની રજાની તપાસ કર્યા વગર આંધળુકિયા વહીવટ કરી પબ્લિકના પૈસાનું પાણી કરી



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

ડીઝલ બાળ્યુ. વિદ્યાર્થીઓ માટે સ્પેશિયલ રૂટો ચાલતા હોય છે. જયારે બેદરકારીથી લાખો રૂપિયા ડીઝલનો ધુમાડો થયો હતો. જયારે આજે સ્કૂલોના પ્રિન્સીપાલને પૂછયા વગર રૂટો ચાલુ રાખવામાં આવ્યા હતા. જનતાના રૂપિયાનું પાણી કરવામાં આવ્યુ હતુ. તો આવા ડેપોમાં ફરજ બજાવતા બેદરકાર અધિકારી ઉપર કડક કાર્યવાહી કરવામાં આવે અને ડેપો મેનેજરને પણ આ બાબતે ખુલાશો પૂછવામાં આવે તેવી લોકોમાં માંગ ઉઠી છે.

# અમરેલી જિલ્લાની તમામ કોર્ટમાં તા. ૧૪ સપ્ટેમ્બરનાં રોજ યોજાશે નેશનલ લોક અદાલત

અમરેલી, તા. ૨૩

અમરેલીમાં તા. ૧૪મી, સપ્ટેમ્બર ૨૦૨૪, શનિવારના રોજ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, અમરેલીના ચેરમેન અને પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ જજ સાહેબના અધ્યક્ષ સ્થાને જિલ્લા અદાલત અમરેલી તેમજ જિલ્લાના દરેક તાલુકાની કોર્ટોમાં રાષ્ટ્રીય લોક અદાલતનું આયોજન કરવામાં આવેલ છે. આ લોક અદાલતનો લાભ મહત્તમ પક્ષકારો લઈ શકે તે માટે ગુજરાત રાજયના મુખ્ય ન્યાયમૂર્તિ અને ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળના મુખ્ય સરક્ષકશ્રી તથા ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળ ના કારોબારી અધ્યક્ષ જસ્ટિસશ્રી દ્વાર તમામ કાનૂની સેવા સત્તા મંડળ તથા કાનૂની સેવા સમિતિને જરૂરી માર્ગદર્શન આપેલ છે.

આ લોક અદાલતમાં રાજયના કોઈપણ જિલ્લા, તાલુકા, ટ્રિબ્યુનલ કે હાઈકોર્ટમાં પડતર કેસ કે જેમાં મોટર અકસ્માતના વળતર કેસ, દીવાની દાવા, ચેક, પરતને લાગતા કેસો, જમીન સંપાદનને લગતા કેસ, કામદાર તથા માલિક ને લગતી તકરાર, માત્ર દંડથી શિક્ષાપાત્ર કેસો તથા તમામ પ્રકારના સમાધાનલાયક કેસો સમાધાન માટે મૂકી શકાય છે.

આ અવસરનો લાભ લેવા નજીકની તાલુકા કે જિલ્લા કે હાઈકોર્ટમાં કાનૂની સેવા સત્તા મંડળની ઓફિસનો સંપર્ક કરવો અથવા ટોલ ફ્રી નંબર ૧૫૧૦૦ ઉપર સંપર્ક કરવો અથવા રાજય કાનૂની સેવા સત્તા મંડળની વેબસાઈટનો સંપર્ક કરવા આથી અમરેલી જિલ્લાની તમામ જાહેર જનતા તથા તમામ પક્ષકારોને જણાવવામાં આવે છે.

### કોંગી ધારાસભ્ય અમિત ચાવડાનું નિવેદન

# ગુજરાતનાં યુવાધનને દારૂ, ડ્રગ્સથી બરબાદ થતાં બચાવો

### આખા દિવસની ચર્ચા માટે કોંગ્રેસ તૈયાર

ગાંધીનગર, તા. ૨૩

વિધાનસભા ખાતે પ્રેસ મિડિયાને સંબોધન કરતાં વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા અમીત ચાવડાએ જણાવ્યું હતું કે, ''ત્રણ દિવસના વિધાનસભાના સત્રમાં ગુજરાતની જનતાની તકલીફ, પીડાઓ, સમસ્યાઓને વાચા આપવા માટે સરકારના ગેરવહીવટ અને ભ્રષ્ટાચારને ખુલ્લો પાડવા માટે ધારાસભ્યો રજૂઆત કરે, તેના માટે પુરતી તક મળવી જોઈએ પણ પોતાનો ગેરવહીવટ, ભ્રષ્ટાચાર અને નિષ્ફળતા છુપાવવા માટે આ સરકાર દ્વારા દરેક રીતે કોંગ્રેસ દ્વારા જે પ્રશ્નો ઉઠાવવામાં આવે છે જે રજૂઆતો કરવામાં આવે છે, જે ચર્ચામાં ભાગ લેવાનો હોય તેમાં સમય નથી આપવામાં આવતો, જાણી જોઈને નિષ્ફળતાઓ ઉજાગર ના થાય તેવા પ્રયત્નો પણ થાય છે અને એટલે જ કોંગ્રેસના ધારાસભ્યોને એક દિવસ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. આજના દિવસની કાર્યવાહીમાં જાણકાર, સલાહકાર સમિતિમાં નક્કી થયેલા એજન્ડા હતો, નિયમ ૧૧૬ હેઠળ જે સભ્યો દ્વારા નોટીસ આપવામાં આવી હોય તે સભ્યોને પ્રશ્નો પૂછવા માટેની તક મળે અને જે જવાબ હોય તેના આધારે મંત્રી વિગતવાર વાત કરતા હોય.''

વધુમાં જણાવ્યું હતું કે, ' સમગ્ર રાજયમાં જે છેલ્લા ત્રણ દાયકાથી ભાજપના શાસનમાં જે દારૂની બદી વધી છે, ગેરકાયદેસર પ્રવૃત્તિઓ વધી છે, છેલ્લા દસકામાં ડ્રગ્સની પ્રવૃત્તિ વધી છે. તેમાં પહેલા ડ્રગ્સ કચ્છના દરિયાકાંઠે લેન્ડ થતું,



આગળ વધીને હવે સૌરાષ્ટ્રમાં પોરબંદર–વેરાવળમાં પણ પકડાય છે, હવે તો દક્ષિણ ગુજરાતમાં પણ વલસાડ કે હજીરાના દરિયા કિનારે પકડાય છે, જેનો સ્પષ્ટ મત્તલબ છે કે ગુજરાતનો દરિયાકાંઠો ડ્રગ્સનું લેન્ડીંગ હબ બની ગયો છે. ડ્રગ્સ લેન્ડ તો ગુજરાતમાં થાય છે પણ સાથે દિવસે દિવસે અનેક એવી ફેકટરીઓ પણ પકડાય છે જેમાં ટેબ્લેટ કે અન્ય સ્વરૂપોમાં ડ્રગ્સને પેકિંગ કરીને દેશવિદેશમાં મોકલવામાં આવે છે.

થોડા દિવસ પહેલા સુરતમાં ડ્રગ્સના પેડલર પકડાયા, રાજકોટમાં પકડાયા, અલગ અલગ જગ્યાએ ડ્રગ્સ પકડાયું તેમાં જે હકીકતો બહાર આવી તેમાં આ બદી ચાની કીટલીથી લઈને ભજીયાની દુકાન સુધી પહોંચી ગઈ છે. ત્યારે સૌના માટે ચિંતાનો વિષય છે કે ડ્રગ્સના નશામાં કોઈ સપડાય તો એ યુવાનની જિંદગી તો બરબાદ થાય જ છે પણ તેના સમગ્ર પરિવારને તહેસનહેસ કરી નાખે છે. નશામાંથી બહાર નીકળવું અઘરૂં છે. જયારે દારૂથી જ આખા ગુજરાતમાં યુવાધન બરબાદ થઈ રહ્યું છે, નાની ઉંમરે બહેન દીકરીઓ વિધવા બની રહી છે, આખી સમાજ વ્યવસ્થાને અસર થાય છે ત્યારે આ ડ્રગ્સના દુષણનો વધારો થયો. એટલા જ માટે વારંવાર અમે વિધાનસભામાં કહ્યું કે તેના માટે વિધાનસભામાં મોકળાશથી ચર્ચા થવી જોઈએ અને પૂરો સમય આપવો જોઈએ જેથી ગુજરાતના સમાજ જીવનના આયનાનું પ્રતિબિંબ ચૂંટાયેલા પ્રતિનિધિઓ ગૃહમાં રજુ કરી શકે અને તેના માટે કોઈ દિશા નક્કી થાય.'

વધુમાં જણાવ્યું હતું કે, 'આજે ૧૧૬ ની નોટીસમાં અચાનક રાજયના ગૃહમંત્રી લાજવાને બદલે ગાજવા લાગ્યા કે, 'આવો અમે ચર્ચા કરવા તૈયાર છીએ, જેટલી પણ ચર્ચા કરવી હોય, જે બોલવું હોય, જે આક્ષેપો હોય તેનો હું જવાબ આપવા તૈયાર છું'. તો આ આક્ષેપો કોઈએ ઘરથી ઘડેલા નથી, કોઈની સાથે ફોટા પડયા એટલે આક્ષેપ થયા, કયાંક તમારા નજીકના માણસો ગેરકાયદેસર પ્રવૃત્તિમાં સપડાયેલા પકડાયા એટલા માટે આક્ષેપો થયા, જે આંકડા આવ્યા છે તેના આધારે આક્ષેપો થયા છે. આજે પણ અમે ગૃહના ફલોર પર કહ્યું છે કે આ ગુજરાતના ભવિષ્ય સાથે જોડાયેલો પ્રશ્ન છે. ઉડતું ગુજરાત ના બને તેની ચિંતા તમને અને અમને છે.

જો તમે ખરી પ્રમાણિકતાથી ચર્ચા કરવા માંગતા હોવ તો આવતીકાલે એક દિવસ સત્ર વધારો અને બધા જ ૧૮૨ ધારાસભ્યોને ઉડતા ગુજરાત ના બને, ગુજરાતમાં નશાબંધીનો કાયદો કડક રીતે અમલી થાય તેના માટે ચર્ચા કરવાનો મોકળાશથી સમય આપો. પણ એવો સમય નથી આપવો. તેમને તો કોઈ નિયમોની જોગવાઈ મુજબ કોઈ સભ્ય પ્રશ્ન પૂછે તેની સામે મંત્રી વાહવાહી કરતું ભાષણ કરવું છે. એટલે જ આજે અમે સ્પીકરને સ્પષ્ટ કહ્યું કે નિયમ ૧૧૬ છે, તેની મર્યાદાઓ છે, તેની જોગવાઈઓ છે. તેમાં અમે આટલા ગંભીર વિષય પર ચારેય તરફ જે ખોટું થઈ રહ્યું છે, ભ્રષ્ટાચાર અને મિલીભગત ચાલી રહી છે તેના પર ચર્ચા કરવા અમને સમય મળી શકે. આવતીકાલે એક દિવસનું સત્ર વધારો અને આખો દિવસ આ બાબત પર ચર્ચા કરો.

મારી રાજય સરકારને ચેલેન્જ છે, ગૃહ વિભાગનો હવાલો સંભાળતા રાજયના મુખ્યમંત્રીને પણ ચેલેન્જ છે કે આવતીકાલે એક દિવસનું સત્ર બોલાવો, ૧૮૨ ધારાસભ્યોને ચર્ચા કરવાનો પુરતો અવકાશ આપો અને આખા ગુજરાતમાં જે છડેચોક પાણી નથી મળતું પણ દારૂ મળે છે, ડ્રગ્સનો વેપાર થઈ રહ્યો છે, યુવા પેઢી બરબાદ થઈ રહી છે અને આ બધું જ થવા પાછળનું એકમાત્ર કારણ આ રાજયની ભાજપની મિલીભગત અને હપ્તાખોરી જવાબદાર છે. જો તમે સાચા હોવ, તમારી ઈચ્છાશકિત હોય, તમે પ્રમાણિક છો તો ચર્ચા માટે આવો. અમારી પાસે પણ પુરાવાઓ અને હકીકતો છે. જમીની હકીકતો છે તે ચૂંટાયેલા પ્રતિનિધિઓ રજુ કરશે.'

વધુમાં જણાવ્યું હતું કે, 'આજે તો મંત્રીને પોતાનું ભાષણ લાઈવ કરવાની ઘેલછા હતી, એટલા માટે જ અમે પ્રશ્નો નથી પૂછયા કે ખાલી તમારી પ્રસિદ્ધિ માટે આ વિધાનસભાના ફલોરનો ઉપયોગ નહીં કરવા દઈએ, એટલી જ હિમ્મત અને તાકાત હોય તો આવતીકાલે સત્ર બોલાવો. આખો દિવસ આ ડ્રગ્સ બંધી, નશાબંધી કાયદાના ગુજરાતમાં જે લીરેલીરા ઉડે છે, જે હપ્તાખોરીનું રાજ ચાલે છે, પોલીસ સ્ટેશનથી મુખ્યમંત્રી કાર્યાલય સુધી હપ્તા પહોંચે છે તેની જો પૂરી ચર્ચા કરવી હોય તો આખી ચર્ચા લાઈવ કરો. અમે ચર્ચામાં ભાગ લેવા તૈયાર છીએ, દૂધનું દૂધ અને પાણીનું પાણી થઈ જશે.

ગુજરાત અને દેશ દુનિયા પણ જાણશે કે ગુજરાત જે ઉડતા ગુજરાત બનવા તરફ આગળ વધી રહ્યું છે તેના માટે સાચા અર્થમાં કોણ જવાબદાર છે. અમે સ્પીકરને પણ વિનંતી કરી છે, સરકારને પણ કહીએ છીએ કે આવતીકાલે એક દિવસ સત્ર વધારો, આખો દિવસ ગુજરાતમાં નશાબંધીના કાયદા, દારૂ–ડ્રગ્સ અને અનૈતિક પ્રવૃત્તિઓ એ વિષય પર ચર્ચા કરો અને તેનું લાઈવ પ્રસારણ કરો એટલે જે લોકો લાજવાને બદલે ગાજતા હતા તેની સાચી હકીકતો અને કોણ આમાં મેળાપીપણા ધરાવે છે, તે સૌ કોઈ જાણી શકે, તે સમગ્ર હકીકત બહાર આવી શકે તેવી અમે માંગણી કરીએ છીએ.'

# જીલ્લા પંચાયત ખાતે ઘોડિયા ઘરની સુવિધાઓ ઉભી કરાઈ



અમરેલી જીલ્લા પંચાયત ખાતે આજે સાસંદ અને જીલ્લા પંચાયતના પ્રમુખ ભરતભાઈ સુતરિયાએ બચ્ચા હાઉસ એટલે કે, ઘોડીયા ઘરને ખુલ્લું મુકયું હતું. જીલ્લા વિકાસ અધિકારી પરિમલભાઈ પંડયા સહિતના અધિકારીઓની ઉપસ્થિતિમાં ખુલ્લા મુકાયેલ આ બચ્ચા હાઉસથી જીલ્લા પંચાયતના અધિકારી– કર્મચારી ઉપરાંત અરજદારોના નાના ભૂલકાઓને ઘડિયા ઘરની સુવિધા મળી રહેશે. જીલ્લા પંચાયત કર્મચારી કલના ભંડોળમાંથી તૈયાર કરવામાં આવેલ ઘોડિયા ઘર બાળકોને પ્રિય એવા રંગબેરંગી કાર્ટૂન ચિત્ર લગાવી સજજ કરવામાં આવ્યું છે. ઉપરાંત બાળકોને ગમતું વાતાવરણ મળી રહે તે અવનવી ગેમ્સ, રમકડા, વગેરે આ બચ્ચા હાઉસમાં રાખવામાં આવ્યું છે. આ બચ્ચા હાઉસના પ્રારંભ કરવાની સાથે કર્મચારીઓ માટે રિફ્રેશનમેન્ટ રૂમને પણ ખુલ્લો મુકવામાં આવ્યો હતો. જીલ્લા પંચાયતના પ્રમુખ ભરતભાઈ સુતરિયાએ આ રિફ્રેશમેન્ટ રૂમને ખુલ્લો મુકવાની જગ્યાએ વર્ગ–૪ કર્મચારી કુરેશી મોહમદના હસ્તે રીબીન કાપીને શુભારંભ કરાવ્યો હતો. આમ, તેમણે નાના કર્મચારીનો ઉત્સાહ વધારતા આ ગૌરવ બક્ષ્યું હતું. આ પ્રસંગે જીલ્લા પંચાયતના સદસ્ય પ્રતાપભાઈ કોઠીવાળ, અગ્રણી જીતુભાઈ ડેર, નાયબ જીલ્લા વિકાસ અધિકારી દીપાબેન કોટક અને અર્પણ ચાવડા સહિતના અધિકારી–કર્મચારી ઉપસ્થિત રહ્યા હતાં.

## બિસ્માર જળાશયમાં લીકેજ થતાં કરોડો લીટર પાણી વહી ગયું

# બાબરા પંથકમાં આવેલ "રામપરા" જળાશયની મરામત કરો

**અનેક વિસ્તારનાં ખેડૂતો માટે જીવાદોરી સમાન બનેલ જળાશયની તાકીદે મરામત જરૂરી**

**સિંચાઈ વિભાગનાં અધિકારીઓએ સ્થળ પરીક્ષણ કરવું જરૂરી**

**એક બાજુ જળ બચાવો અભિયાન ને બીજી બાજુ પાણીને રોકવામાં ઉદાસીનતા**

**જિલ્લા પંચાયતનાં સદસ્યનાં પતિ નીતિન રાઠોડે પાણી-પુરવઠા મંત્રીને પત્ર પાઠવ્યો**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

બાબરા, તા. ૨૩

બાબરાતાલુકાના કરીયાણા રોડપર આવેલ રામપરા ડેમ છેલ્લા બે ચાર વર્ષથી જર્જરિત હાલતમાં જોવા મળી રહ્યો છે. ડેમની આજુબાજુ મોટા લીકેજ હોવાથી હજારો ગેલેન પાણી વહી રહ્યું છે પણ સિંચાઈ વિભાગના અધિકારીઓ આજ દિન સુધી ડેમની મુલાકાત કરી નિરીક્ષણ કરવામાં આવ્યું નથી. ત્યારે જો વધુ વરસાદ આવે અને ડેમમાં પાણીનો ભરાવો થાય અને નબળો પડેલ ડેમ તૂટી જાય તો મોટી દુર્ઘટના સર્જાય તો જવાબદાર કોણ?

બીજી તરફ આસપાસના હજારો ખેડૂતોને રામપરા ડેમમાં સિંચાઈનું પાણી અને પિયત માટે ઉપયોગી છે. કારણ કે ખરીફ પાક અને શિયાળુ પાક મેળવી શકે છે. જો આગામી દિવસોમાં વરસાદ નહીં આવે અને ડેમનું પાણી ખાલી થઈ જશે તો ખેડૂતોને શિયાળુ પાક લેવામાં મુશ્કેલીઓ પડશે. ખેડૂતો દ્વારા જણાવ્યું હતું કે, અહીં આસપાસના ખેડૂતોને ડેમનું પાણી ઉપયોગમાં આવે છે. ડેમમાં પાણી હશે તો કુવા અને બોરના તળ ઉંચા આવશે તો ડેમ ખાલી થઈ જશે તો કુવા અને બોરમાં પાણી કેમ ટકશે, શિયાળામાં પાક કેવી રીતે લેવો તેવી ભીતિ વ્યકત કરી હતી.

જિલ્લા પંચાયતના સભ્ય નીતિનભાઈ રાઠોડે જણાવ્યું હતું કે, ખેડૂતો મારફતે ડેમની પરિસ્થિતિની જાણ થઈ છે અને ડેમની સત્વરે મરામત કરાઈ તે માટે રાજયના પુરવઠા પ્રધાન કુંવરજીભાઈ બાવળિયા અને જિલ્લાના સિંચાઈ વિભાગને પત્ર લખી રજૂઆત કરવામાં આવી છે.

રાજય સરકાર દ્વારા એક બાજુ સૌની યોજના મારફતે નદી તળાવ અને ડેમ ભરવાની જાહેરાત કરવામાં આવે છે અને બીજી બાજુ ડેમની સલામતી બાબતે સ્થાનિક તંત્ર ઉદાસીન જોવા મળી રહ્યું છે. જો રામપરા ડેમની મરામત સમય મર્યાદામાં નહીં કરવામાં આવે તો ડેમનું પાણી કારણ વગરનું વ્યવ થઈ જશે.

## અમરેલી : જીલ્લા જેલ ખાતે પ્રેરણાત્મક પુસ્તકોની ભેટ સાથે પુસ્તક પરબની શરૂઆત

અમરેલી, તા. ૨૩

શરીરનો મેલ ધોવા માટે સાબુ છે તો માનને શુધ્ધ કરવા માટે પુસ્તકો સાબુનું કામ કરે છે. સમાજનાં દરેક વર્ગને પુસ્તકરૂપી સાબુની સતત જરૂર પડતી રહે છે. અમરેલી ખાતે એક સંસ્થા આવા 'સાબુ' સમાજનાં દરેક વર્ગ સુધી પહોંચાડવાની કામગીરી સુપેરે કરી રહી છે. સ્વ. ડો. પ્રતાપભાઈ પંડયાએ વરસો પહેલાં શરૂ કરેલી આ પરિવાર આ પુસ્તક વિતરણની કામગીરી અવિરતપણે ચલાવી રહી છે.



ઉત્તમ પ્રવૃતિની આ યશકલગીમાં આજે વધુ એક પીછું ઉમેરાયુ છે. જીલ્લા સાહિત્ય સર્જક પરિવારે આજરોજ અમરેલી જીલ્લા જેલ ખાતે સંખ્યાબંધ પુસ્તકોની ભેટ આપીને જેલમાં રહેલ કેદીઓને વાંચનનો ગુલદસ્તો અર્પણ કરેલ છે.

જીલ્લા જેલ ખાતે ફરજ બજાવતાં જેલ અધિક્ષક ડી.પી. રબારીએ જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, અમરેલીનાં સેક્રેટરી આર.વાય.ત્રિવેદી સાહેબ સમક્ષ લાગણી વ્યકત કરી હતી કે કેદીઓને સારા વિચારો પ્રદાન કરી શકે અને જીવન સુધારણા માટે પ્રેરી શકે તેવાં પુસ્તકોની જેલ ખાતે તાતી જરૂરિયાત છે. ત્યારબાદ અમરેલી જીલ્લા સાહિત્ય સર્જક પરિવાર સાથે સંપર્ક સાધી ઉપકરોત બાબત જણાવી હતી. જેથી સંસ્થાએ તુરંત જ આ ઉમદા વિચારને વધાવી લીધો હતો. જેનાં પરિણામ સ્વરૂપે આજરોજ સંસ્થાવતી ઉમેશભાઈ જોષી, ઉદયભાઈ દેસાઈ, કેતનભાઈ જોષી, પ્રખ્યાત લોક સાહિત્યકાર વિમલભાઈ મહેતા, જાણીતા એસ્ટ્રોલોજર અને સાહિત્યપ્રેમી રોહિતભાઈ જીવાણી અને પ્રયાગભાઈ મેહતાએ જેલ ખાતે હાજર રહી રૂા. પચ્ચીસ હજારથી વધુની કિંમતનાં વિવિધ વિષયો ઉપરનાં પુસ્તકો જેલને ભેટ સ્વરૂપે અર્પણ કર્યા હતાં.

પુસ્તક અર્પણનાં આ કાર્યક્રમ દરમ્યાન કેદીઓ પણ ભાવવિભોર થયા હતાં. અને મનગમતા પુસ્તકોનો ખજાનો જોઈને સંસ્થા સમક્ષ ખુશી પ્રગટ કરી હતી.

કાર્યક્રમનાં અંતે ખજેલ અધિક્ષક ડી.પી. રબારી સાહેબે જીલ્લા સાહિત્ય સર્જક પરિવાર તથા જીલ્લા કાનૂની સત્તા મંડળનો આભાર વ્યકત કયો હતો.

## જનરલ કેટેગરીના યુવક યુવતીઓ માટે વન વિસ્તાર પરિભ્રમણ

અમરેલી, તા. ૨૩

રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ, વિભાગ ગાંધીનગર તથા કમિશ્નર યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, ગાંધીનગર દ્વારા આયોજીત તથા જીલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, તાપી દ્વારા સંચાલિત જનરલ કેટેગરીનાં ૧૫થી ૩૫ વર્ષનાં યુવક યુવતીઓ માટે વન વિસ્તાર પરિભ્રમણ કાર્યક્રમનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. યુવક યુવતીઓ નૈસર્ગિક દર્શન દ્વારા વન્ય પશુ પક્ષીઓ, વૃક્ષો, પહાડો, ખડકો, ઝરણાં, કોતરો વગેરેનો પ્રત્યક્ષ પરિચય કેળવે તથા તેઓમાં પ્રકૃતિ પ્રત્યે પ્રેમ ભાવ વિકસે તે હેતુથી રાજય સરકાર દ્વારા ૧૦ દિવસના વન વિસ્તાર પરિભ્રમણ કાર્યક્રમ આયોજન હાથ ધરવામાં આવનાર છે.

અમરેલી જીલ્લાના ફકત જનરલ કેટેગરીના યુવક યવતીઓ કે, જેઓ તા. ૧૩.૧૨.૨૦૨૪ના રોજ ૧૫ થી ૩૫ વર્ષની વયમર્યાદા ધરાવતા હોય અને આ કાર્યક્રમમાં ભાગ લેવા ઈચ્છતા હોય તેઓએ અરજી જીલ્લા યુવા વિકાસ અધિકારી તાપી, જીલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી તાપી, બ્લોક નં. ૦૬ પ્રથમ માળ, જીલ્લા સેવા સદન પાનવાડી, વ્યારા, જી.તાપી-૩૯૪૬૫૨ ને તા. ૩૧.૮.૨૪ સુધીમાં પુરૂ નામ સરનામું (આધારકાર્ડ, ચૂંટણી કાર્ડ, ઓળખ કાર્ડ વગેરે રહેઠાણના પુરાવા સાથે), જન્મ તારીખ (પ્રમાણ પત્ર, શાળા છોડયાનું પ્રમાણ પત્ર), શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્ર, પર્વતારોહણ, એન.સી.સી, એન.એસ.એસ. કે સ્કાઉટ ગાઈડ તથા રમત ગમત પ્રવૃતિઓમાં ભાગ લીધેલ હોય તેના પ્રમાણપત્રો, શારીરિક તંદુરસ્તી ધરાવતા હોવાનું ડોકટરી પ્રમાણપત્ર, વાલીનું સંમતિ પત્ર, તાજેતરનો પાસપોર્ટ ફોટો લગાવી અરજી મોકલી આપવાની રહેશે. અધુરી વિગતો સાથેની અરજી ધ્યાને લેવામાં આવશે નહીં. આ પ્રવાસ માટે આવવા જવાનો પ્રવાસ ખચ, નિવાસ, ભોજન સરકાર દ્વારા પુરૂં પાડવામાં આવશે. પસંદગી સમિતિ દ્વારા યોગ્યતા ધરાવતા ૧૦૦ ઉમેદવારોની પસંદગી કરવામાં આવશે. પસંદગી અંગે જીલ્લા યુવા વિકાસ અધિકારી, તાપી દ્વારા ટેલિફોન મારફત જાણ કરવામાં આવશે. તેમ જીલ્લા યુવા વિકાસ અધિકારી એક અમરેલીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

### ઓર્ડર હોવા છતાં પણ શાક ન બનાવ્યું

## લ્યો બોલો : સાવરકુંડલામાં આધેડે કાજુ ગાંઠીયાનું શાક બનાવી ન આપતા થયો હુમલો

**૪ ઈસમો આધેડ ઉપર લાકડી વડે તૂટી પડયા**

અમરેલી, તા. ૨૩

સાવરકુંડલાના જેસર રોડ ઉપર આવેલ મધુવન સોસાયટીમાં રહેતા સત્યમભાઈ હિંમતભાઈ ધકાણ નામનાં ૪૫ વર્ષિય આધેડે ગત તા. ૧૫ ના રોજ તે જ ગામે રહેતા આરોપી કિશોરભાઈ મશરૂને કાજુ ગાંઠીયાનું શાક બનાવવા માટે ઓર્ડર આપેલ હોય. તે શાક લેવા આધેડ આરોપીની દુકાને રાત્રીના સાડા દશેક વાગ્યે જતા આરોપીની દુકાન બંધ હોય. જેથી આધેડે આરોપીને મોબાઈલ ફોન કરતા આરોપીએ શાક બનાવવાની ના પાડતા સામ-સામી ગાળા ગાળી થયેલ હોય. તે વાતનું મનદુઃખ રાખી આરોપીઓ કિશોરભાઈ મશરૂ, રાજુભાઈ કિશોરભાઈ મશરૂ, આલકુભાઈ ઉનાવા તથા તેજસ મિસ્ત્રી સહિત લાકડીઓ લઈ આધેડના ફળીયામાં ડેલા વાટે પ્રવેશ કરી ગાળો બોલી ત્યાંથી ચારેય આરોપીઓ જેસર રોડ રેલ્વે ફાટક પાસે જતા આરોપી આધેડને જોઈ જતા ગાળો આપી શરીરે લાકડીઓ વડે મુંઢમાર મારી ઈજા કરી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાઈ છે.

## તરણેતર : ઓલિમ્પિકસમાં ભાગ લેવા અરજી કરવા અનુરોધ

અમરેલી, તા. ૨૩

સુરેન્દ્રનગરના થાનગઢ તાલુકાના તરણેતર ગામે તા. ૬/૯/૨૪ થી તા. ૮/૯/૨૪ દરમિયાન લોકો મેળાનું ભવ્ય આયોજન છે. જેમાં સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા આગામી સમયમાં ૧૯માં ગ્રામીણ ઓલિમ્પિકસ ૨૦૨૪ ૨૦૨૫નું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ ગ્રામીણ ઓલિમ્પિકસમાં અમરેલી જીલ્લાના ખેલાડીઓ વધુમાં વધુ ભાગ લેતે માટે અનુરોધ કરવામાં આવ્યો છે. તા. ૨૭/૮/૨૦૨૪ સુધીમાં ખેલાડીઓની એન્ટ્રી સ્વીકારવામાં આવશે. એન્ટ્રી ફોર્મ માટે જીલ્લા રમત વિકાસ અધિકારીની કચેરી, ચિતલ રોડ, ગોળ દાવખાનાની બાજુમાં અમરેલી ખાતે રૂબરૂ રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. વધુ વિગત માટે ટેલીફોન નં. (૦૨૭૯૨) ૨૨૧૯૬૧ પર સંપર્ક કરવાનો રહેશે, તેમ અમરેલી જીલ્લા રમત વિકાસ અધિકારીએ એક યાદીમાં જણાવ્યું છે.

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦




પેન્ટ-શર્ટનું કાપડ ખરીદવા માટેનું વિશ્વાસપાત્ર સ્થળ...
(બાબરાવાળા)
આનંદ કલોથ સ્ટોર
હરિ રોડ, અમરેલી. મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪

શ્રાવણ માસ નિમિતે...
ફરાળી વાનગીઓનો રસથાળ
ટોપરાપાક | શીંગપાક | માવાના પેંડા
દર સોમવારે ગરમાગરમ ફરાળી પેટીસ મળશે
ફરાળી ચેવડો
બટેટા વેફર્સ | કેળા વેફર્સ | દુધીનો હલવો
હાજરમાં મળશે
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મો. ૭૪૨૬૪ ૪૮૨૯૨ | મો. ૯૯૦૯૧ ૭૦૯૫૫










# પણ સાંભળે કોણ ?



## કબુકબુ, આજા, આજા!

હસમુખ બોરાણિયા



લેખક પરિચય
નામ : હસમુખ બોરાણિયા
જન્મતારીખ : ૧૮.૦૫.૧૯૫૯
વતન: બાબાપુર, હાલ: અમરેલી.
વ્યવસાય: નિવૃત્ત પ્રિન્સિપાલ, (પ્રાથમિક શાળા)

નાનકડું એવુ ગામ. ગામમાં ધીમે – ધીમે બધી સગવડ વધતી હતી.

છતા એક તકલીફ હતી. ગામલોકો કચરાના ઢગલા કરે. કચરો ગમે ત્યાં ફેકે !ગામ લાગે ગુંદુ ! એટલે સ્વચ્છતા માટે ઝુંબેશ ચાલી. કચરો એકઠો કરવા કચરાપેટી આવી. ઠેર–ઠેર કચરાપેટી. એ કહેતી : ‘‘ તમારો કચરો મને આપો.’’

એક કચરાપેટી તો ગામના પાદરના એક ખૂણે ગોઠવાઈ ગઈ હો ! બીજા દિવસે બધા કચરો નાખવા લાગ્યા.

એક બહેન આવ્યા. ધીમેથી કચરો કચરાપેટીમાં નાખ્યો. બીજા બહેન આવ્યા. કચરાપેટી સુધી આવ્યા ને ઉતાવળમાં કચરો ફેંકયો બહાર ! ત્રીજા બહેન.... ચોથા બહેન... બધા કચરો પેટીની આસપાસ ફેંકતા રહ્યા. કચરાપેટી બોલી. ‘‘એ.... એ... બહેન.... આમ કેમ કરો છો?’’ પણ સાંભળે કોણ ?

આમ ને આમ કચરાપેટીની આસપાસ થયો ઢગલો ! જાણે પેટીએ પહેર્યો ગંદો ડગલો ! કચરાપેટી પોતે ખાલીખમ ! સાંજ સુધીમાં તો કચરાના ઢગલા વચ્ચે ઘેરાઈ ગઈ ! શું કરવુ ? મૂંઝવણ થઈ. એટલે કચરાપેટી પણ રડવા લાગી. ધીમુ–ધીમુ રડે પણ સાંભળે કોણ ? એટલે ભેંકડો તાણી જોરથી રડવા લાગી... એં... એં..... એં....


રસ્તે પસાર થતા એક જણે સાંભળ્યુ. બીજાએ સાંભળ્યુ, ત્રીજાએ સાંભળ્યુ, ભેંકડો સાંભળીને બહેનો પણ દોડી આવી, ‘‘એલા... રડે છે કોણ ?’’ તપાસ કરતા ખબર પડી. રડવાનો અવાજ તો કચરાપેટીના ઢગલા પાસેથી આવે છે. નાનજીભઈા નાક આડે હાથરૂમાલ રાખીને નજીક ગયા. કચરાની બદબૂ આવતી હતી. ધીમેથી બોલ્યા, ‘‘એ રડે છે કોણ?’’

કચરાપેટી બોલી, ‘‘હું રડુ છું.’’ નાનજીભાઈ કહે, ‘‘કેમ?’’ તો તે બોલી, ‘‘હું અહી કચરો લેવા બેઠી છું. તમે બંધાએ મને કચરો આપવાને બદલે મારી આસપાસ ઢગલો કરી દીધો. મને બચાવો.’’ નાનજીભાઈએ બધાને વાત કરી. હકીકત જણાવી. ટ્રેકટર મંગાવીને કચરો તેમા ભર્યો. કચરાપેટીને તેની જગ્યાએ ગોઠવી. હવે તો કચરાપેટી રાજી–રાજી !

# આપેલ ચિત્રમાં મનગમતાં રંગો પૂરો



## પૂ. ડોંગરેજી મહારાજની અમૃતવાણી જ્ઞાન ઝરણા



### શ્રીમદ્ ભાગવત મહાત્મ્ય

૧. સંસારમાં પાપ છે એવી કલ્પના ન કરો. પાપ હોય તો તેનો જવાબ તમારે આપવાનો નથી. જે પાપ તમારા મનમાં છે તેનો જવાબ આપવાનો છે.
૨. અપકારનો બદલો ઉપકારથી આપે એ સાધુ છે.
૩. મૈથુન સુખ વગેરે ઈન્દ્રિયોના સ્પર્શથી થતા સુખો ખૂજલીને ખંજવાળવાથી જેવુ સુખ મળે છે તેવા છે.
૪. તમને જે આપ્યું હોય તે બીજાને આપો.
૫. ઉઠતાવેંત ઈશ્વરનું સ્મરણ, પ્રાર્થના, કરદર્શન કરો, ધરતીમાતાને વંદન કરો.
૬. શ્રી કૃષ્ણ તમારા શરીરરથના સારથિ થયા તો રથ મુકામે પહોંચશે. મન જો સારથી હશે તો ખાડામાં નાખશે.
૭. સ્નાન કર્યા પછી પ્રભુની એકાંતમાં ઉપાસના કરો. (૧) સેવા પૂજા, (૨) સ્તુતિ, (૩) કીર્તન, (૪) સત્સંગ, કથાશ્રવણ, વાંચન (રામાયણ, મહાભારત). (૫) સમસ્ત કર્મોનું સમર્પણ. કાંઈ પાપ થયુ હોય તો તેનું પ્રાયશ્વિત કરો. કરેલા કર્મોનું ફળ પ્રભુને અર્પણ કરો.
૮. નયન સ્નેહાળ અને હૃદય વિશાળ જેના, એ ભગવાનને વહાલા લાગે છે.
૯. ઈશ્વર પાસે કંઈ ન માગશો. માંગશો તો તે વેપાર જેવુ ગણાશે.
૧૦. બદલામાં ભાગ માંગે તો વાણિયો કહેવાય. વાણિયો એટલે જે થોડું આપેને વધારેની અપેક્ષા રાખે તે.

## જ્ઞાનમંજરી

### ભારતનાં મહત્વનાં સ્થળો

૧. આર્ય સમાજના સ્થાપક દયાનંદ સરસ્વતીનું બાળપણમાં નામ શું હતું?– મૂળશંકર
૨. કૌરવ અને પાંડવો વચ્ચે યુદ્ધ કયા કાળમાં થયુ હોવાની શકયતા છે ?–ઉતરવૈદિક કાળ
૩. અંગ્રેજોએ ભારતમાં સૌપ્રથમ શેનો વેપાર શરૂ કરેલ ? –ગળી
૪. અંગ્રેજોએ ભારતમાં સૌપ્રથમ દક્ષિણ ભારતમાં કયા કારખાનુ નાખ્યું ? – મછલીપટમ
૫. કયા ગ્રંથમાં અવતારવાદનો ઉલ્લેખ છે ?– ગીતા
૬. કયા રાજાના સિક્કાઓ પર ગરૂડનું ચિત્ર અંકિત હતું ?– સમુદ્ર ગુપ્ત
૭. ભારતમાં મોગલ સત્તાના સ્થાપક કોણ હતા ?– બાબર
૮. ઈલોરાનુ જગવિખ્યાત કૈલાસ મંદિર કોણે બધાવ્યું ? – કૃષ્ણરાજ પ્રથમે
૯. ચરક અને સુશ્રુતે વિજ્ઞાનના ક્ષેત્રે કયા વિષય પર ગ્રંથો લખ્યા છે ?– આયુર્વેદ
૧૦. હુમાયુનામાના લેખક કોણ હતા ? – ગુલબદન બેગમ

## ઝળહળ ઝાકળ


લેખમ : પ્રો. ડો. મહેન્દ્ર છત્રારા

### શ્રમ કરવામાં શરમ નહી !

વધુ પડતો આરામ કે વધુ પડતો પરિશ્રમ– માણસના શરીરને થકવી દેતા હોય છે. આરામપ્રિય માણસો એચ.એચ. (હીઝ હાઈનેસ નહી, ‘હરામના હાડકાના’!) બની જાય. જયારે પરિશ્રમ કરનાર અકાળે વૃદ્ધ બની જાય. શરીર–મન–બુદ્ધિને સુયોગ્ય પ્રમાણમાં શ્રમ મળે, તો તેની તાજગી – પ્રફુલ્લતા જળવાય રહે. બિનજરૂરી ચરબી કે આળસ શરીર મન પર ન ચડે. રોજ દિવસ દરમ્યાન મહેનતનો પસીનો એક વખત તો નીકળવો જ જોઈએ–એમાય પર – સેવા કરતા પરસેવો થાય, તો તો સર્વોત્તમ !

## પ્રયોગ – ૯
## પાણીના રાસાયણિક ગુણધર્મો

**હેતુ:** પાણી ઓકિસજન અને હાઈડ્રોજન તત્વોનું બનેલુ છે તે સાબિત કરવુ.
**સાધન:** પારદર્શક કાચનો પ્યાલો, મીણબત્તી, દીવાસળીની પેટી
**પદાર્થ:** પાણી
**રીત:** – મીણબત્તી સળગાવો.
– મીણબત્તી પર કાચનો પ્યોલો ઉંધો ધરો.
–થોડા સમય પછી પ્યાલનો અંદરની સપાટી ઝાંખી થશે.
**અવલોકન:**– અંદરની સપાટી પર પાણીના ટીપા જોવા મળશે.
– મીણબત્તીમાનો હાઈડ્રોજન અને હવામાનો ઓકિસજન સંયોજાઈને પાણી બને છે.




**તારણ:** – પાણી એ હાઈડ્રોજન અને ઓકિસજન તત્વોનું બનેલુ સંયોજન છે.

## પ્રયોગની પાંખે

વિજ્ઞાન નગરી
પ્રકાશક: શ્રી બળવત પારેખ



### ગુરૂ

પૃથ્વીની કક્ષા બહાર આવેલા ગ્રહોમાં મંગળ પછી ગુરૂ આવે છે. તેને બૃહસ્પતિ પણ કહે છે. એ ગૃહમંડળનો સૌથી મોટો ગ્રહ છે. તેને ૧૧ ઉપગ્રહ છે. તે પૃથ્વીના કદથી ૧૩૦૦ ગણો મોટો છે. ગુરૂનું વજન પૃથ્વી કરતા ૩૧૭ ગણુ વધારે છે. તેની વિશિષ્ટ ઘનતા ૧.૩૪ છે. તેનુ સૂર્યથી અંતર ૭.૭૮X૧૦$^{૮}$ કિ.મીટર અને દળ ૧.૯૦X૧૦$^{૨૭}$તા કિલોગ્રામ છે. તેની ત્રિજયા ૭.૧૮X૧૦$^{૪}$ કિલોમીટર છે.

# શ્રદ્ધા છે, સાર્થકતા

– ફાધર વાલેસ




:: સંપાદક ::
દેવેન્દ્ર એલ. ત્રિવેદી
(પુનીતપદરાજ)

પુરૂષાર્થ થતો નથી ને પરાક્રમો થતા નથી ને સાધના થતી નથી. મોટા કાર્યો થતા નથી. મોટા કાર્યો થવાના છે તેની રાહમાં નાના કાર્યો પણ થતા નથી. એટલે જીવન ખાલી જાય છે. જીવનની સાચી કળા ભવિષ્યમાં મોટા કાર્યો કરવાના સ્વપ્નમાં નહી પણ અત્યારના–વર્તમાનના સાધારણ કાર્યો દિલથી કરવામાં આવે છે.

લોકોને અસાધારણની ભૂખ હોય છે.

ચમત્કારો,પરચો, સિદ્ધિ માટે મહાપુરૂષોની પાસેથી તેઓ અપેક્ષા રાખે છે અને મહાપુરૂષોમાં ખપવા ઈચ્છનાર અલ્પપુરૂષો એવી ખોટી સિદ્ધિઓ પૂરી પાડે છે. પણ સાચા મહાપુરૂષો એથી દૂર રહે છે.

મહાપુરૂષો તો જાણે છે કે જીવન જેવુ છે તેવુ સારુ છે ને એમા ખોટા દેખાવ શોધવા જવાની કોઈ જરૂર નથી. સાચી ખૂબી સાધારણની જ હોય છે. એકએક કાર્ય શાંતિથી, ધ્યાનથી, ભાનથી, એકાગ્રતાથી કરવાનું. કામ નાના ને મોટા નથી. કામ કરનારનું મન નાનુ કે મોટુ છે. જે પાણી ઉતાવળમાં પીએ, અએક ઘૂંટડે પીએ, ધ્યાન આપ્યા વગર પીએ, બીજુ કામ કરતા પીએ એનુ મન નાનુ અને જે પાણી ધીરેધીરે પીએ, ધ્યાન આપીને પીએ, શીતળતા માણીને પીએ એનુ મન મોટુ અને જેમ પાણી પીવા માટે તેમ દરેક કાર્ય માટે ધ્યાનથી કરવુ. પ્રેમથી કરવુ. મન પરોવીને કરવુ. કાર્યમાં મન પરોવાય એટલે મનનો ગુણ કાર્યમાં આવે અને એમ થતા નાનકડુ કાર્ય મહાન બની જાય.

સંત સાચા સંત હતા. એટલે તરત સહજ સ્વાભાવિક સરળ જવાબ આપી શકયા.એ સાચી જવાબ એમના દિલમાંથી નીકળ્યો, એમના અનુભવોમાંથી નીકળ્યો, એમના જીવનમાંથી નીકળ્યો. મૃત્યુ આવે તો ભલે આવે. તૈયાર જ છીએ. સામાન લેવાનો નહિ ને વિદાય લેવાનો નહિ. જેવા છીએ તેવા જઈશુ. જીવનથી પૂરો સંતોષ છે, પૂરુ સમાધાન છે. કરતા આવ્યા છીએ એવુ કરતા રહીશુ. એમા શ્રદ્ધા છે–એમા સાર્થકતા છે.

# સૌનું આરોગ્ય

### (૧૯) કેન્સર

**કારણ :**પ્રદૂષિત હવા અને પાણીના દૂષણથી, તેમ જ ખાસ કરીને તમાકુ,ગુટકા, બીડી અને સિગારેટના વ્યસનીઓએ કેન્સર વધુ પ્રમાણમાં થાય છે.


૧. શ્યામ તુલસીના પાનનો રસ એક તોલો, મોળા દહીમાં મેળવી, દહી વલોવી છાશ જેવુ બનાવવુ. સવાર–સાંજ આ રીતે બનાવેલ છાશ પીવાથી કેન્સર મટશે. દર્દ મટે ત્યાં સુધી આ ઉપચાર શરૂ રાખવો.

૨. સરગવાની છાલ, પુનર્નવાની છાલ અને વાયવરણાની છાલ દરેક પાંચ–પાંચ તોલા લેવી આ ત્રણે ઔષધને એક સાથે ખાંડી ઝીણુ કરી બશેર પાણીમાં વરાળ ઉડી ન જાય તે રીતે ઉકાળવુ. લગભગ અડધો શેર પાણી રહે ત્યારે ઉતારી ઠંડુ થયે કપડાથી ગાળી લેવુ. આ તૈયાર થયેલ કવાથ સવારે તથા સાંજે અર્ધો–અર્ધો પીવો. કૂચા વધે તેની લુગદી બનાવી ગળના કેન્સરવાળા ભાગ પર મૂકવી. આ પ્રયોગથી કેન્સરના જંતુઓનો નાશ થશે. ગાંઠો પણ ગળી જશે. કેમોથેરાપીની સાથે પણ આ પ્રયોગ કરી શકાય છે. ચાર–પાંચ દિવસમાં જ ગુણ જણાય છે. આ પ્રયોગ તદન નિર્દોષ છે.

### (૨૦) કોઢ (સફેદ દાગ)

**કારણ :** રકત દૂષિત થાય તેવા વિરૂધ્ધ આહારથી, દારૂના સેવનથી, માંસ ખાવાથી, પ્રદૂષિત પાણીથી, દિવસે ઉંઘવાથી, તેમ જ અતિ ખારુ, ખાટુ અને ગળપણ ખાવાથી શરીરના દોષો કુપિત થઈને ચામડી પર સફેદ દગ ઉત્પન્ન કરે છે.

૧. દરરોજ સવારે પાશેર તાજુ ગૌમુત્ર લાવી, તેમા અર્ધી ચમચી હળદર નાખી હલાવીને સવારે નરણા જ પી જવુ બે–ત્રણ માસના આ ઔષધપ્રયોગથી દરેક જાતના



સૌનું આરોગ્ય
:: લેખક ::
વૈદ્ય પ્રદિપ આસ્તિક
૮૦ દર્દી પરના સરળ તેમજ સચોટ ૨૯૦ પ્રયોગોનો સંગ્રહ

ચામડીના દર્દો મટે છે.

૨. સફેદ કોઢનું સર્વોત્તમ ઔષધ ખેરછાલ છે. તેથી સફેદ કોઢના દર્દીએ ખેરછાલનો ઉકાળો કરી તે પાણી જ પીવામાં લેવુ.

૩. ઉમરડાના ઝાડની છાલ લાવી, છાયામાં સૂકવી ખાંડી નાખવી. એક શેર ઉમરડાના ઝાડની છાલના ચૂર્ણમાં પાશેર બાવચી ખાંડી મેળવી દેવી. પછી રોજ સાવરે ત્રણ ગ્રામની માત્રામાં આ ચૂર્ણ લેવાથી સફેદ દાગ મટે છે. આ પ્રયોગ કરનારે બહુ ખાટા, બહુ ખારા અને તેલ–મરચા જેવા બહુ ગરમ પદાર્થોનો ત્યાગ કરવો તેમ જ સવારમાં સ્નાન કરી ઓમ સૂર્યાય નમઃ આ મંત્રનો જાપ એકસો આઠ વખત કરવો.

૪. બાવચી, કઠ અને કુવાડિયાનાં બે–ત્રણે ઔષધો સમાનભાગે લીવ ખાંડીને વસ્ત્રગાળ ચૂર્ણ બનાવવુ. પછી જરૂર પૂરતા ગૌમૂત્ર સાથે આ ચૂર્ણને ખૂબ ખરલ કરી, સોગઠી બનાવી લેવી. સફેદ દાગના દર્દીએ નિયમિત સાવર–સાંજ આ સોગઠી ગૌમૂત્ર સાથે ઘસી સફેદ દાગ પર લગાડવી. આથી થોડા દિવસોમાં સફેદ દાગની જગ્યાએ

### (૨૧) કોલેરા

**કારણ :** અસ્વચ્છતા, અયોગ્ય આહાર – વિહાર, અજીર્ણ તેમ જ દુષિત પાણીના સેવનથી, સફેદ રંગના ઝાડા અને ઉલટી વારંવાર થયા કરે છે. તેને આપણે કોલેરાના દર્દ તરીકે ઓળખીએ છીએ.

૧. ડુંગળી ને લીંબુનો રસ બે–બે ચમચી કલાકે કલાકે લેવો. પાણી ગરમ કરી ઠંડુ થયે પીવાનુ રાખવુ. ખોરાક ન લેવો.

૨. ડુંગળીનો રસ અને મધ મેળવીને બે–બે ચમચી દર બે કલાકે દર્દીને આપવાથી ઉલટી બંધ થઈ રોગી મોતના મુખમાંથી બચી જાય. આ સાદો અને સરળ ઉપાય અજમાવવા જેવો છે.

# આ મારું ચિત્ર છે




કાવ્યા વિનુભાઈ નિમાવત
(ધોરણ–૭, શ્રી પાણિયા પ્રા.શાળા,તા.જી.અમરેલી)



વાઘેલા મનીષા વિપુલભાઈ
(ધોરણ – ૮, શ્રી પાણિયા પ્રા.શાળા, તા.જી.અમરેલી)



શાયર વિપુલભાઈ વાઘેલા(ધોરણ:૭)
શ્રી પાણિયા પ્રા.શાળા(૬૩૫૪૬૬૩૭૪૮, તા.જી.અમરેલી



દેવગાણીયા ધ્રુવિલ અતુલભાઈ
(ધો.૪–વર્ગ (અ), રૂપાયતન પ્રા.શાળા

# અમરેલી ખાતે એએચપી દ્વારા જન્માષ્ટમી પર્વને લઈને વિષ્ણુનાં ૧૦ અવતારોની ઝાંખીનાં ફ્લોટ ખુલ્લા મુકાયા







અમરેલી આંતરરાષ્ટ્રીય હિન્દુપરિષદપ્રેરિતજન્માષ્ટમીમહોત્સવ નિમિત્તેફોરવર્ડસર્કલસિનિયરસિટીઝન પાર્કખાતે આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ, રાષ્ટ્રીયબજરંગદળઅનેતમામઆયામો દ્વારાશ્રીકૃષ્ણભગવાનની૧૦અવતારની ઝાંખીનોસરસમજાનોપ્લોટખુલ્લોમુકવામાં આવ્યો છે. ઉદઘાટનમાંસંતશ્રીબાલકૃષ્ણ સ્વામી અનેસ્વામિનારાયણ મંદિર પાણી દરવાજાનાસંતોતેમજસાઈમંદિરમંગળા માડી અને સૌરાષ્ટ્ર પ્રાંત અધ્યક્ષ ડોકટર ગજેરા તેમજ ચેમ્બર ઓફ કોમર્સ વેપારી મંડળના પ્રમુખ ચતુરભાઈ પટેલ, બ્રહ્મ સમાજ પ્રમુખ મુકુંદભાઈ મહેતા, ગુર્જર ક્ષત્રિયકડિયાસમાજડોકટરદેસાણી,જિલ્લા પ્રમુખ સુરેશભાઈ સોલંકી, દિલીપભાઈ બામટા,મજબૂતભાઈબસીયા,જીલુભાઈ વાળા, હિતેશભાઈ જોશી, સિદ્ધાર્થભાઈ ગજેરા,કલ્પેશભાઈગોંડલીયા,મહેશભાઈ સોલંકી,ઉદયસિંહરાજપુત,હસમુખભાઈ દુધાત, નયનભાઈ તેમજ મહિલા અધ્યક્ષ ડિમ્પલબેન પોપટ, ઓજસવી અધ્યક્ષ નિરાલીબેન વ્યાસ, ગુંજનબેન સોની, હેતલબેન જોશી અને બ્રહ્માકુમારીમાંથી બહેનો તેમજ ખૂબ જ બહોળી સંખ્યામાં ભકતજનોનીઉપસ્થિતિમાંઆરતી,પૂજન કરીનેઆજેફલોટખુલ્લુમુકવામાંઆવ્યોછે. ફલોટમાં રોજેરોજ ધાર્મિક કાર્યક્રમો ઉજવવામાં આવશે તો દરેક હિન્દુ ભકતજનોએ દર્શનનો લાભ લેવા પધારવાખાસઆમંત્રણજિલ્લાપ્રમુખ દ્વારાઆપવામાંઆવેછે.

## સાવરકુંડલા : જેસર રોડ ઉપર અનેરો કૃષ્ણોત્સવ ઉજવાયો




સાવરકુંડલા, તા. ૨૪

સાવરકુંડલા શહેરમાં જેસર રોડ ગુઢકુળ બન્યું કૃષ્ણમય ગુઢકુળમાં ખૂબ જ અનેરો કૃષ્ણ જન્મોત્સવ ઉજવાયો જેમાં નાના નાના બાળકોએ ખૂબ જ સુંદર મટુકીઓ શણગારી તેમજ વાંસળીઓ સુશોભન કરી આ એક અનેરી સ્પર્ધાનું આયોજન કરેલ સાથે સાથે દરેક ધોરણના બાળકોએ સુંદર નાટકો, નૃત્ય, રાસ વગેરે સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યો તેમજ ખૂબ જ સુંદર મહાનગરો જેવી મટુકી ફોડનોકાર્યક્રમ પણ થયો તેમજ નાના નાના બાળ કૃષ્ણની સાથે સંસ્થાના કોઠારી સ્વામી શ્રી અક્ષરમુક્ત દાસજી સ્વામીએ તેમજ શાળાના આચાર્ય વ્યાસે કેક કાપી કૃષ્ણ જન્મોત્સવ ઉજવ્યો તેમજ બાળ ગોપાલને સુંદર પારણું બનાવી અને ઝુલાવાનો લાભ પણ તમામે લીધો તેમજ તમામ બાળકોએ રાસ લઈ અને નંદ ઘેર આનંદ ભયોના નાદ સાથે અનેરો આનંદ માણ્યો આ પ્રસંગને સંસ્થાના પ્રમુખ હરિપ્રસાદદાસજી સ્વામી કે જે અમેરિકાથી ભારતની ધરતી પર આવતાની સાથે જ પોતાની સંસ્થાના બાળકોના આવા સુંદર આયોજનથી પ્રભાવિત થઈ હૃદયથી રાજીપો વ્યક્ત કર્યો અને સંસ્કૃતિ જતનનું આ શ્રેષ્ઠ કાર્ય ગણાવ્યું તેમજ સંસ્થાના વરિષ્ઠ સંત ભગવત પ્રસાદદાસજી સ્વામી તેમજ ટ્રસ્ટીઓએ પણ આ કાર્યક્રમને બિરદાવ્યો માત્ર ગુઢકુળમાં જ નહીં પરંતુ આસપાસના વિસ્તારમાં પણ જાણે ગોકુળમાં જન્માષ્ટમી ઉજવાય રહી હોય એવું વાતાવરણ ખડું થયેલું જોવા મળ્યું હતું.

પાના ૮ ઉપરનું ચાલું **લાઠીનાં ધામેલ ગામનાં યુવકે**

યુવકને મોટર સાયકલ લઈને બહાર જવું હોય, પરંતુ તેમનાં પિતા મોટર સાયકલ લઈને દામનગર હટાણું કરવા જતાં રહેલ હોય, જે વાતનું મનમાં લાગી આવતા યુવકે ગત તા. ૧૯નાં સવારનાં આશરે સવારનાં ૧૧ વાગ્યે ધામેલ ગામે શામભાઈ કળસીયાની વાડીએ પોતે પોતાની મેળે રૂમમાં પડેલ ઝેરી જંતુનાશક દવામાંથી બે ઘુંટડા પી લેતા અમરેલી સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયેલ જયાં તેમનું સારવાર દરમિયાન મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું **બગસરાનાં વતની યુવકનાં નામે**

અનસભાઈ મહંમદભાઈ શેખડા, સમીરભાઈ બસીરભાઈ ખેરાણી (રે. અમરેલી) એ પોતાનો આર્થિક લાભ મેળવવા પુર્વઆયોજીત કાવતરૂ રચી યુવકનો સંપર્ક કરી રૂપિયા ૧૦,૦૦૦ ની લોન અપાવવાના બહાને યુવકના જરૂરી ડોકયુમેન્ટ મેળવી લઈ આઈસીઆઈસીઆઈ બેન્ક અમરેલી બ્રાન્ચ ખાતે ખાતા નંબર ૦૭૨૫૦૧૫૦૬૩૩૭ થી ખાતું ખોલાવી યુવકને વિસમાં લઈ એકાઉન્ટ કીટ મેળવી લઈ યુવકના ખાતામાંથી તેમની જાણ બહાર એ.ટી.એમ.નો ઉપયોગ કરી તેમજ અન્ય કોઈપણ રીતે કુલ રકમ રૂા. ૪૭,૨૨,૮૫૭ જેટલી રકમનું યુવકના ખાતામાં ટ્રાન્ઝેકશન કરી ખાતાની કીટ પોતાની પાસે રાખી જે ખાતામાં યુકિત–પ્રયુકિતથી અલગ અલગ ખાતા ધારકોના ખાતામાંથી પૈસા યુવકના ખાતામાં ટ્રાન્ઝેકશન કરી વિસઘાત, છેતરપીડી કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

પાના ૮ ઉપરનું ચાલું

**ઈશ્વરીયામાં જુગાર રમતાં**

ઈશ્વરીયા ગામે જાહેરમાં પૈસા પાનાથી હારજીતનો જુગાર રમતા અનીલભાઈ શાંતીભાઈ વામજા, ધર્મેન્દ્રભાઈ ધીરૂભાઈ વામજા, અમીતભાઈ જગદીશભાઈ વામજા તથા સુરેશભાઈ ધીરૂભાઈ વામજા, રહે. તમામ ઈશ્વરીયાવાળા ચાર ઈસમોને જુગાર રમતા રોકડ રકમ રૂ.૧૪,૨૦૦ તથા જુગારના સાહિત્ય સાથે પકડી પાડી. તમામ ઈસમો સામે જુગારધામ મુજબ ધોરણસર કાર્યવાહી કરી, પકડાયેલા આરોપીઓ તથા મુદામાલ અમરેલી રૂરલ પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

### વંચિત વર્ગો સાથે ભેદભાવ અને અન્યાય બંધ કરવામાં આવે : અમીત ચાવડા

## વંચિતો, પછાત વર્ગોને સમાન તક, સામાજીક ન્યાય માટે જાતિ આધારિત વસ્તી ગણતરી જરૂરી

### સામાજીક ન્યાયની લડત સડકથી સંસદ સુધી લડીશું

અમરેલી, તા. ૨૪

વિધાનસભા ખાતે પ્રેસ–મીડિયાને સંબોધન કરતા વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા અમીત ચાવડાએ જણાવ્યું હતું કે, આજે ગુજરાત વિધાનસભામાં નિયમ ૧૦૨ હેઠળ છેલ્લા દિવસના પ્રસ્તાવમાં કોંગ્રેસ પક્ષ તરફથી રાજયમાં સામાજિક અસમાનતા છે. સબકા સાથ સબકા વિકાસના નામે મત મેળવીને સત્તામાં બેઠેલી ભાજપ સરકારમાં છેલ્લા ઘણા વર્ષોથી એક ચોક્કસ વર્ગ અને વિસ્તાર માટે વધારે બજેટ ફળવાય છે, પ્રાથમિકતા અપાય છે અને ગુજરાતની બહુમતી વસ્તી ધરાવતા સમાજો, સમૂહો અને તેમાં પણ જે વંચિત સમાજ અને વંચિત સમૂહો છે, જે વિકાસથી વંચિત વિસ્તારો છે તેમની સાથે ભેદભાવપૂર્વક વર્તન થાય છે.

તેને ધ્યાનમાં રાખીને ગુજરાતમાં સામાજિક ન્યાય મળે, સત્તા અનેસંપત્તિ ઉપર બધાનો અધિકાર છે તેનીની સમાન વહેંચણી થાય, દરેકને સમાન તકો મળે તેના માટે, સામાજિક ન્યાય માટે જાતિ આધારિત વસ્તી ગણતરી જરૂરી છે. એ વાતને લઈને ગુજરાતમાં સામાજિક, આર્થિક સર્વેક્ષણ કરવાની માંગ કરવામાં આવી હતી, પ્રસ્તાવ રજુ કયો છે. સબકા સાથ સબકા વિકાસની વાતો અને ભાષણો તો થાય છે પણ આ સરકાર સામાન્ય ગરીબ માણસ પણ ટેક્સ ભરે છે, તેનાથી સરકારની તિજોરી ભરાય છે, બજેટ બને છે પણ એ બજેટનો લાભ બધાને સરખો નથી મળતો.

વધુમાં જણાવ્યું હતું કે, 'આજે ગુજરાતમાં ઉદ્યોગો હોય કે સરકારી કે સહકારી સંસ્થાઓમાં નોકરીઓ હોય, શૈક્ષણિક સંસ્થાઓ હોય કે સંસાધનોની વહેંચણી હોય, તેમાં વંચિત સમુહોને યોગ્ય સ્થાન કે હિસ્સો નથી મળતો.



સરકારનું બજેટ પણ ચોક્કસ વર્ગ કે વિસ્તારને પ્રાથમિકતા આપીને ફાળવાય છે. તેમાં પણ બધાને સમાનતાની રીતે, વસ્તીના પ્રમાણમાં હક્ક નથી મળતો. રાજયની નીતિ બને છે, યોજનાઓ બને છે, રાજયની કાર્યપદ્ધતિ અને બજેટ નક્કી થાય છે તેમાં પણ સામાજિક સમરસતા માટે જે જાતિ, સમૂહો વંચિત રહી ગયા છે તેમને પ્રાથમિકતા નથી આપવામાં આવતી.

જયાં સુધી રાજયમાં જાતિ આધારિત વસ્તી ગણતરી ના થાય ત્યાં સુધી રાજયનીતમામ જાતિ, વર્ગો, વિસ્તારની સામાજિક, આર્થિક અને શૈક્ષણિક સર્વેના ડેટા, આંકડા ઉપલબ્ધ નથી એટલે હાલમાં સરકારની જે નીતિઓ અમલમાં છે, તેનું જે બજેટ ફાળવે છે, જે યોજનાઓ બને છે તેની કેટલી અસરકારકતા છે, તેના શું પરિણામો આવ્યા છે તેનો અંદાજ નથી મેળવી શકતી. દેશના બંધારણે એસ.ટી., એસ.સી., ઓ.બી.સી. સમાજને અનામતની જોગવાઈ કરી છે. પણ, અનામત મેળવ્યા પછી આ સમાજ અને તેના સમૂહોમાં સામાજિક, આર્થિક અને શૈક્ષણિક સ્થિતિમાં કેટલું પરિવર્તન આવ્યું, એ પરિવર્તન સકારાત્મક આવ્યું કે નકારાત્મક આવ્યું તેનો કોઈ ડેટા સરકાર પાસે આજની તારીખમાં નથી.

ઉપરાંત જણાવ્યું હતું કે, ' સરકારે ભવિષ્યમાં પણ આ વંચિત સમુહોને યોગ્ય ન્યાય આપવો હોય, તેને મુખ્ય પ્રવાહમાં લાવવા હોય અને સાચા અર્થમાં સબકા સાથ સબકા વિકાસનું સુત્ર સાર્થક કરવું હોય તો રાજયમાં જાતિ આધારિત વસ્તી ગણતરી ફરજીયાત બને છે. જાતિ આધારિત વસ્તી ગણતરીમાં સરકાર એવું બહાનું કાઢે છે કે જાતિ આધારિત વસ્તી ગણતરી કરવાનો રાજય સરકારને અધિકાર નથી તો રાજય સરકારે કલેક્શન ઓફ સ્ટેટેસ્ટીક એક્ટ ૨૦૦૮ મુજબ પોતાના રાજયમાં જેટલા પણ જાતિ, સમૂહો અને વર્ગ–વિસ્તાર છે તેનો સામાજિક અનેઆર્થિક ગણતરી કરવાનો અધિકાર છે.

વધુમાં જણાવ્યું હતું કે, ' અમે આજે સરકાર પાસે માંગણી કરી છે કે, સરકારે ગુજરાતમાં જે જાતિ, સમૂહો અને વર્ગ–વિસ્તાર છે અને જે ગામ, શહેર, તાલુકો કે જીલ્લો હોય તેમાં દરેકનો સામાજિક અને આર્થિક સર્વે કરવામાં આવે, તેની ગણતરી કરવામાં આવે તો કયા સમુહે વધારે લાભ મેળવ્યો છે, કયા સમુહની આર્થિક સ્થિતિ સારી છે, કયા સમુહોને સરકારી કે સહકારી નોકરીઓ કે હિસ્સેદારી મળી છે, કયા સમૂહ સુધી બજેટ વધારે વપરાય છે, કોની કેટલી આર્થિક અને સામજિક ક્ષમતામાં વધારો થયો છે એનો ડેટા મેળવી શકાય.

સાથે સાથે કઈ જાતિઓ, કયા સમુહોની કેટલી વસ્તી છે, એને કેટલો લાભ આજદિન સુધી નોકરીઓમાં કે બીજી જગ્યા મળ્યો છે, તેની સામાજિક, આર્થિક અને શૈક્ષણિક રીતે આજની તારીખે શું પરિસ્થતિ છે, બજેટના લાભ અને સંશાધનની યોગ્ય ન્યાયિક વહેંચણી છે તે આ વર્ગ અને વિસ્તારોમાં યોગ્ય, ન્યાયિક રીતે સપ્રમાણ કરવામાં આવી છે કે કેમ? કયા કયા સમાજો વચ્ચે સામાજિક અસમાનતાઓ છે. આ બધી જ વાતનું સાચું ચિત્ર, સાચો ખ્યાલ., સાચી માહિતી અને આંકડા ત્યારે જ મળી શકે જયારે રાજય સરકાર આ જાતિઓ, સમૂહ અને વર્ગ દીઠ સામાજિક અને આર્થિકગણતરી કરાવે પણ મોટા મોટા સુત્રો આપવાવાળી આ સરકારે આજે ગૃહમાં એમની નિયતના દર્શન કરાવ્યા છે. સબકા સાથ સબકા વિકાસ વાતો કરવાની પણ સામાજિક રીતે જે જાતિઓ અને સમૂહો આજે વંચિત છે, જેને મુખ્ય પ્રવાહમાં પુરતો લાભ નથી મળતો, જેના સુધી પુરતું બજેટ નથી મળતું, જેને નોકરીઓ કે અન્ય વ્યવસ્થામાં પુરતું પ્રતિનિધિત્વ નથી મળતું, જેને રાજકીય પ્રતિનિધિત્વ નથી મળતું, એ બાબતે ચર્ચા કરવા કે સર્વે કરાવવા આ સરકાર તૈયાર નથી. તેનો સ્પષ્ટ મતલબ છે કે, આઝાદીના એટલા વર્ષો પછી, બંધારણના અમલમાં આવ્યાના આટલા વર્ષો પછી પણ આજે ગુજરાતમાં એસ.સી., એસ.ટી., ઓ.બી.સી. અને માઈનોરીટી સમાજ અને સાથેસાથે ઈ.ડબલ્યુ.એસ. (ઈકોનોમિક બેકવર્ડ સેકશન) ને હવે સુપ્રીમ કોર્ટે પણ માન્યતા આપી ૧૦% અનામત આપી તેની પણ સામાજિક, આર્થિક અને શૈક્ષણિક પરિસ્થિતિ શું છે તે સર્વે કરવામાં નથી આવતો.

વધુમાં જણાવ્યું હતું કે, 'આજે અમારી સરકાર પાસે સ્પષ્ટ માંગણી ફરીથી કરીએ છે કે, ગુજરાતમાં જે સામાજિક અસમાનતા છે, જે સામાજિક ભેદભાવ દિવસે– દિવસે વધી રહ્યો છે, બજેટની અસામાન વહેંચણી થઈ રહી છે, સંસાધનોનો ન્યાયિક રીતે તમામને લાભ નથી મળી રહ્યો, સરકારી કેસહકારી સંસ્થા કે બીજી જગ્યાઓમાં નોકરીઓમાં પણ અસમાનતા છે, બીજી વ્યવસ્થાઓમાં પણ અસમાનતા છે, એના કારણે સમાજનો એક વર્ગ પોતાની સાથે ભેદભાવ થઈ રહ્યો હોય એવું મહેસુસ કરી રહ્યો છે.

ત્યારે સમાનતા આવે, સામાજિક ભેદભાવ દુર થાય, બજેટની સપ્રમાણ વહેંચણી થાય, સંસાધનોનું ન્યાયિક વિતરણ થાય. જે પણ અનામત કેટેગરીના લોકો–સમાજો છે તેમની આર્થિક– સામાજિક પરિસ્થિતિનો અભ્યાસ કરી આવનારા સમયની નીતિ બને, આવનારા સમયમાં બજેટમાં તેમનું ધ્યાન રાખવામાં આવે, નવી બનનારી યોજનાઓમાં અત્યારની પરિસ્થિતિને પ્રયાનમાં રાખી યોજનાઓ બને એટલા માટે સરકાર જાતિ આધારિત વસ્તી ગણતરી અને ગુજરાત સરકારની પોતાની સત્તા છે એ મુજબ ગુજરાત સરકાર તાત્કાલિક રીતે ગુજરાતમાં આર્થિક, સામાજિક અને શૈક્ષણિક ગણતરી કરાવે એવી માંગણી આજે ગૃહમાં રજુ કરી છે પણ, કમનસીબે આ ગરીબ વિરોધી સરકાર જેને ફક મુઠ્ઠીભર લોકો માટે સત્તા અને સંપત્તિનું કેન્દ્રીકરણ કર્યુ છે, જે બજેટ વપરાય છે એ ચોક્કસ વર્ગ અને વિસ્તાર માટે વાપરે છે.

આ ગરીબ વિરોધી સરકારે અમારી માંગણીનો અસ્વીકાર કર્યો છે પણ આવનારા સમયમાં ગુજરાતમાં જાતિ આધારિત વસ્તી ગણતરી થાય, જે પણ વંચિત જાતિ અને સમૂહો છે,જેનો અધિકાર છે સંસાધનો અને બજેટ પર પુરતો સપ્રમાણ હિસ્સો મળે, 'જિસકી વસ્તી ભારી, ઉસકી ઉતની હિસ્સેદારી' એ સિદ્ધાંત સાથે ગરીબોને સામાજિક રીતે ન્યાય મળે એ માટેની લડત કોંગ્રેસ પક્ષ વિધાનસભામાં પણ લડશે અને સડકથી લઈને સંસદ સુધી લડવામાં આવશે.

# ઉના પંથકનાં ખેડુતે તુરીયાની ખેતી કરી સારૂ વળતર મેળવ્યું







તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

ઉના તાલુકાના પસવાળા ગામના આ પ્રગતીશીલ ખેડૂત વિશેની વાત કરવી છે. આજે મોંઘા બિયારણ, રાસાયણિક ખાતરો, દવાઓ અને ખેત મજૂરોના ખર્ચા કર્યા બાદ ખેડૂતને પોતાની મહેનતનું કંઈ વધતું નથી જેથી હવે ખેંતી કરવી મોંઘી પડી છે. ટુંકી ખેતીમાં અન્ય અનાજનું ઉત્પાદન લઈ શકાતું. નથી. જેથી ખેડૂત રોકડીયા પાકો અને શાકભાજી તરફ વળ્યા છે. જેમાં પસવાળા ગામના પ્રગતિશીલ અને મહેનતી ખેડુત કનુભાઈ પોતાની કોઠાસુજબુઝથી શાકભાજીમાં તુરિયાની ખેતી કરે છે અને કનુભાઈ મોટા પ્રમાણમાં તુરીયા ઉત્પાદન અને ખૂબ મોટી સાઈઝના ઓર્ગેનિક તુરીયાની ખેતી કરે છે. માત્ર અઢી વીઘાની જમીનમાં આંબાની બાગની વચ્ચે બે ગાળામાં ૧૨૦ વેલાનું વાવેતર કર્યુ છે. જેઠ મહિનામાં તુરિયાના બીજનું વાવેતર કરી તેમાં દેશી ખાતર ભરવામાં આવે છે અને ત્યારબાદ તેમાં ડ્રિપથી પાણી સમયસર આપવામાં આવે છે. વાતાવરણ અનુકૂળ રહેતા દોઢ મહિનામાં વેલાને ચડાવવા વાંસ અને તારનો મેડો બનાવવામાં આવે છે. અને વેલા તેની ઉપર ચડાવવામાં આવે છે. તુરિયાના વેલાને માવજતમાં મૂળિયાંમાં વાવેતર સમયે દેશી ખાતર ઉપરાંત જરૂરી સમયે દેશી ગાયના ગૌમૂત્ર, છાણ, આંકડો, છાશ, સિતાફળીના પાન વગેરેમાંથી તૈયાર કરેલ એક દ્રાવણ પાણીમાં આપવામાં આવે છે. આ તુરિયાની સાઈઝ અને વજન અન્ય તુરીયા કરતાં કંઈક અલગ છે. આ તુરીયા બે ફૂટ થી વધુ સાઈઝના મોટા હોય છે જેથી આ તુરીયાનો ભાવ પણ કિલોના ૩૦ થી ૫૦ સુધી માર્કેટમાં હોલસેલમાં મળી આવે છે. પરિવારના સભ્યો તુરીયાને વેલા ઉપરથી ઉતારવામાં અને માર્કેટ સુધી પહોંચાડવામાં મદદરૂપ થાય છે. કનુભાઈના આ તુરીયા લોકો ઓર્ડર થી ખરીદ કરતા હોય છે. ખાસ ઉના અને કેન્દ્ર શાસિત પ્રદેશ દીવ, ઘોઘલા અને વણાકબારામાં આ તુરીયાની માંગ છે. આમ આ અઢી વીઘા જમીનમાંથી તુરીયાનું વાવેતર કરીજે ખૂબ સારી મોટી આવક મેળવે છે.

### રાજ્યના ખેડૂતો માટે રાજ્ય સરકારની મોટી ભેટ

# રાજ્ય સરકારે ૩૫૦ કરોડના કૃષિ રાહત પેકેજની જાહેરાત કરી

## કેટલાક જિલ્લામાં જુલાઈ-૨૦૨૪ માસ દરમિયાન વરસેલા અનરાધાર વરસાદના પરિણામે ખેડૂતોના ખેતી અને બાગાયતી પાકોને વ્યાપક નુકશાન

ગાંધીનગર , તા.૨૩

ગુજરાત વિધાનસભામાં નાના ખેડૂતો માટે કૃષિ રાહત પેકેજની જાહેરાત કરતા કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતના કેટલાક જિલ્લામાં જુલાઈ-૨૦૨૪ માસ દરમિયાન વરસેલા અનરાધાર વરસાદના પરિણામે ખેડૂતોના ખેતી અને બાગાયતી પાકોને વ્યાપક પ્રમાણમાં નુકશાન થયું છે. આવી વિકટ પરિસ્થિતિમાં જગતના તાતને આર્થિક નુકશાનીમાં સહાયરૂપ થવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની મંજૂરીથી રાજ્ય સરકાર દ્વારા રૂ. ૩૫૦ કરોડની માતબર રકમનું કૃષિ રાહત પેકેજ જાહેર કરવામાં આવ્યું છે.
આગળ તેમણે કહ્યું હતું કે, ગુજરાત સરકારનો અભિગમ હંમેશા ખેડૂતલક્ષી રહ્યો છે. રાજ્યના ખેડૂતો પર આવેલી કુદરતી આપદાના સમયે ભારત અને ગુજરાત સરકાર હરહંમેશ ખેડૂતોની પડખે અડીખમ ઉભી છે. ખેડૂતોને વાવણીની શરૂઆતના તબક્કે નુકશાનીમાં સહાય મળે અને તેઓ ઝડપભેર ફરી વાવેતર કરી શકે તે માટે મુખ્યમંત્રીના અધ્યક્ષસ્થાને તાત્કાલિક ધોરણે આ ખેડૂત હિતલક્ષી નિર્ણય લેવામાં આવ્યો છે.

રાહત પેકેજ અંગે વિસ્તૃત વિગતો આપતા જણાવ્યું હતું કે, જુલાઈ માસમાં જૂનાગઢ, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, રાજકોટ, આણંદ, ભરૂચ, સુરત, નવસારી અને તાપી જિલ્લાના મળી કુલ ૪૫ તાલુકામાં અનરાધાર ભારે વરસાદ વરસતા આશરે ૪,૦૬,૮૯૨ હેક્ટર વિસ્તાર ભારે વરસાદથી અસરગ્રસ્ત થયો હતો. આ અસરગ્રસ્ત વિસ્તારમાં ૨૭૨ ટીમોની રચના કરી વિગતવાર સર્વે હાથ ધરવામાં આવ્યો છે. જેના આધારે આશરે ૧.૫૦ લાખથી વધુ અસરગ્રસ્ત ખેડૂતોને સહાય આપવામાં આવશે.

ખેડૂતોને નિયમોનુસારની સહાય આપવા માટે નિયત કરાયેલા ધોરણો અંગે વાત કરતા મંત્રીએ કહ્યું હતું કે, અસરગ્રસ્ત ખેડૂતોને SDRF-સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફંડના ધારા-ધોરણો મુજબ પાક નુકશાની માટે સહાય આપવામાં આવશે. સાથે જ નુકશાનની તીવ્રતાને ધ્યાને રાખીને રાજ્ય ભંડોળમાંથી/રાજ્ય બજેટ હેઠળ વધારાની ટોપ અપ સહાય અપાશે. જેમાં રાજ્ય સરકારે નિયત કરેલા ધોરણોમાં

(૧) ખરીફ ૨૦૨૪-૨૫ ઋતુના વાવેતર કરેલા બિનપિયત ખેતી પાકોમાં ૩૩ ટકા કે તેથી વધુ નુકસાન માટે SDRFના નોર્મ્સ મુજબ રૂ.૮,૫૦૦ તેમજ રાજ્ય બજેટ હેઠળ રૂ. ૨,૫૦૦ સહાય મળી કુલ રૂ. ૧૧,૦૦૦ પ્રતિ હેક્ટર લેખે ખાતાદીઠ મહત્તમ ૨ હેક્ટરની મર્યાદામાં સહાય અપાશે.

(૨) વર્ષાયુ અથવા પિયત પાકોના ૩૩ ટકા કે તેથી વધુ નુકસાન માટે જીઢઈહ્લના નોર્મ્સ મુજબ રૂ. ૧૭,૦૦૦ તેમજ રાજ્ય બજેટ હેઠળ રૂ. ૫,૦૦૦ સહાય મળી કુલ રૂ. ૨૨,૦૦૦ પ્રતિ હેક્ટર લેખે ખાતાદીઠ મહત્તમ ૨ હેક્ટરની મર્યાદામાં સહાય અપાશે.

(૩) બહુવર્ષાયુ બાગાયતી પાકોના ૩૩ ટકા કે તેથી વધુ નુકસાન માટે SDRFના નોર્મ્સ મુજબ રૂ. ૨૨,૫૦૦ પ્રતિ હેક્ટર લેખે ખાતાદીઠ મહત્તમ ૨ હેક્ટરની મર્યાદામાં સહાય અપાશે.

નવસારી જિલ્લાના ગણદેવી તાલુકામાં ૨ જુલાઈ, ૨૦૨૪ના રોજ વંટોળ સાથે વરસેલા ભારે વરસાદને કારણે ચીકુ અને આંબા જેવા બાગાયતી પાકોના ઝાડ પડી જવા, ડાળીઓ તૂટી જવા તેમજ કેળ પાક પડી જવાથી વ્યાપક નુકસાન થવાના અહેવાલો પણ મળ્યા છે. આવા અસરગ્રસ્ત ખેડૂતોને આર્થિક નુકશાન ન થાય તે માટે નોંધપાત્ર સહાયની જાહેરાત કરવામાં આવી છે.
આ ઉપરાંત જે કિસ્સામાં જમીન ધારકતાના આધારે નિયત ધોરણો મુજબ જો સહાય ચૂકવવા પાત્ર રકમ રૂ. ૩,૫૦૦ કરતાં ઓછી થતી હોય, તો તેવા કિસ્સામાં ખાતાદીઠ ઓછામાં ઓછા રૂ. ૩૫૦૦ ચૂકવવામાં આવશે. જેમાં SDRF ઉપરાંતની તફાવતની રકમ રાજ્ય બજેટમાંથી ચૂકવવામાં આવશે. ધરતીપુત્રો માટે ઉદાર હૃદયે રાજ્યની તિજોરી ખુલ્લી રાખવા બદલ કૃષિ મંત્રીએ વિધાનસભા ગૃહ ખાતે ગુજરાતના ખેડૂતો વતી મુખ્યમંત્રી તેમજ નાણાં મંત્રીનો આભાર વ્યક્ત કર્યો હતો. સાથે જ તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, નુકશાન પેટે રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવનાર સહાયથી ખેડૂતોને પાક નુકશાનીમાં ચોક્કસપણે રાહત મળશે. અત્રે નોંધનીય છે કે, ખેડૂતોને સહાય આપવા અંગે સંબંધિત જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અસરગ્રસ્ત ગામોની યાદી જાહેર કરવામાં આવશે. સહાય માટે નુકસાનગ્રસ્ત ગામોના નિયત નુકસાન ધરાવતા ખાતેદાર ખેડૂતોએ ગ્રામ્ય કક્ષાએ ઈ-ગ્રામ સેન્ટર પરથી સાધનિક આધાર પુરાવા સાથે ડિજિટલ ગુજરાત પોર્ટલ પર અરજી કરવાની રહેશે. આ ઉપરાંત નવસારી જિલ્લાના ગણદેવી તાલુકા માટે નિયતનમુનાની અરજી તાલુકા વિકાસ અધિકારીને કરવાની રહેશે.

### કૃષ્ણપરા હવેલીના વૈષ્ણવ સમાજ દ્વારા

# વડિયા ખાતે સોમવારે જન્માષ્ટમીની ભવ્ય શોભાયાત્રાનું આયોજન

### મુખ્યબજારમાં થઈ શીતળા મંદિર સુધી યોજાશે શોભાયાત્રા

વડિયા, તા. ૨૩

સમગ્ર દેશમાં શ્રવણ માસએ હિન્દૂ ધર્મના ઉત્સવોનો, મેળાઓ અને શીવ પૂજાનો મહિનો માનવામાં આવે છે ત્યારે આ મહિનામાં ભગવાન શ્રી કૃષ્ણનો જન્મ દિવસ આવતો હોવાથી ગોકુલ આઠમ (જન્માષ્ટમી)ની ઉજવણી હર્ષ ઉલ્લાસ સાથે કરવામાં આવે છે. વડિયા ખાતે આવનાર જન્માષ્ટમીની ભવ્ય ઉજવણી માટે વડિયા શહેરમા ડી.જે.ના તાલે શોભાયાત્રા રૂપે મટકીફોડ સાથેની ઉજવણી કરવાનું ભવ્ય આયોજન વડિયા કૃષ્ણપરામા આવેલી હવેલીના વૈષ્ણવ સમાજ દ્વારા ભવ્ય આયોજન કરવામાં આવ્યુ છે જે શોભાયાત્રા કૃષ્ણપરા હવેલીથી મુખ્ય બજારમાં નીકળી શીતળાધાર ખાતે પૂર્ણ થશે આ શોભાયાત્રામા વડિયાની ધર્મપ્રેમી જનતાને અને સામાજિક, ધાર્મિક સંસ્થાઓને જોડાવા આયોજક એવા વડિયાના પૂર્વ સરપંચ છગનભાઈ ઢોલરીયા દ્વારા અપીલ કરવામાં આવી છે. સાથે વડિયા વિશ્વ હિન્દૂ પરિષદ દ્વારા શીતળા ધારના સ્થળે લોકમેળાનુ આયોજન કરવામાં આવ્યુ છે તો સમગ્ર વડિયા વિસ્તારની ધર્મપ્રેમી અને ઉત્સવપ્રેમી જનતાને તેનો લાભ લેવા મેળાના આયોજકો દ્વારા અપીલ કરવામાં આવી છે.

### અરવિંદ કેજરીવાલને રાહત માટે વધુ રાહ જોવી પડશે

# દિલ્હીના CM કેજરીવાલની મુશ્કેલીમાં વધારો થઈ શકે

### અરવિંદ કેજરીવાલની અરજીનો વિરોધ કરીને CBIએ સુપ્રીમ કોર્ટમાં પોતાનો જવાબ દાખલ કર્યો

નવી દિલ્હી, તા.૨૩

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની ૨૬ જૂનના રોજ કથિત દારૂ કૌભાંડ સંબંધિત ભ્રષ્ટાચારના કેસમાં ધરપકડ કરવામાં આવી હતી. મની લોન્ડરિંગ કેસમાં કેજરીવાલને સુપ્રીમ કોર્ટમાંથી જામીન મળી ગયા છે. હવે લાગે છે કે, જેલમાં રહેલા દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને રાહત માટે વધુ રાહ જોવી પડશે. CBI કેસમાં તેમની ધરપકડને પડકારતી કેજરીવાલની અરજી પર સુપ્રીમ કોર્ટમાં સુનાવણી મોકૂફ રાખવામાં આવી છે. સીબીઆઈ દ્વારા વધુ સમય માંગવામાં આવ્યો હતો, જેને કોર્ટે સ્વીકારી લીધો હતો અને ૫ સપ્ટેમ્બરે કેસની યાદી આપવા જણાવ્યું હતું.જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ ઉજ્જલ ભુઈયાની બેન્ચ સમક્ષ CBI તરફથી હાજર થતાં જણાવ્યું હતું કે, તેઓએ એક કેસમાં જવાબ દાખલ કર્યો છે, જ્યારે અન્ય કેસમાં જવાબ દાખલ કરવા માટે સમયની જરૂર છે. કેજરીવાલ તરફથી હાજર રહેલા વરિષ્ઠ વકીલ અભિષેક મનુ સિંઘવીએ સીબીઆઈની માંગનો વિરોધ કર્યો અને કહ્યું કે, તેઓ દલીલો માટે તૈયાર છે.
જસ્ટિસ કાંતે કહ્યું કે, એક કેસમાં એફિડેવિટ દાખલ કરવામાં આવી છે અને બીજી અરજીનો જવાબ આપવા માટે સીબીઆઈને વધુ એક સપ્તાહનો સમય આપવામાં આવ્યો છે. જો કોઈ જવાબ હોય તો તેના બે દિવસ બાદ ફાઈલ કરો. આ બાબત ૫ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ લિસ્ટેડ હોવી જોઈએ. ધરપકડને પડકારવાની સાથે કેજરીવાલે જામીન માટે સુપ્રીમ કોર્ટમાં અરજી પણ કરી છે.કેજરીવાલની અરજીનો વિરોધ કરીને ઝ્રમ્ૈંએ સુપ્રીમ કોર્ટમાં પોતાનો જવાબ દાખલ કર્યો છે. વિવાદાસ્પદ એક્સાઈઝ નીતિના ઘડતર અને અમલીકરણમાં અરવિંદ કેજરીવાલની ભૂમિકાને મહત્ત્વપૂર્ણ ગણાવતા ઝ્રમ્ૈંએ કહ્યું કે, તપાસ પૂર્ણ કરવા માટે કેજરીવાલની ધરપકડ જરૂરી હતી કારણ કે પુરાવા હોવા છતાં તે સહકાર આપી રહ્યો ન હતો. ગુરુવારે રાત્રે સુપ્રીમ કોર્ટમાં દાખલ કરવામાં આવેલા તેના જવાબમાં સીબીઆઈએ કહ્યું છે કે, કેજરીવાલ ષડયંત્રનો ભાગ હતા.આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય કન્વીનરની સીબીઆઈ દ્વારા ૨૬ જૂને ધરપકડ કરવામાં આવી હતી. મની લોન્ડરિંગ કેસમાં ૨૧ માર્ચે ધરપકડ કરાયેલ અરવિંદ કેજરીવાલને સુપ્રીમ કોર્ટમાંથી વચગાળાના જામીન મળી ગયા છે પરંતુ સીબીઆઈના કેસમાં તેમની ધરપકડના કારણે તેઓ જેલમાંથી બહાર આવી શક્યા નથી.આ પહેલા હાઈકોર્ટે કેજરીવાલની ધરપકડને યોગ્ય ગણાવીને તેમને જામીન આપવાનો ઈંકાર કર્યો હતો. છેલ્લી સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે કેજરીવાલને વચગાળાના જામીન આપવાનો પણ ઈનકાર કરી દીધો હતો અને સીબીઆઈને તેનો જવાબ દાખલ કરવા કહ્યું હતું.

### દેશના લોકોના મંતવ્યો લેવાયા

# મોદીના અનુગામી તરીકે કોની પસંદગી થઈ શકે છે તે અંગે કરાયો સર્વે

### જાણો કોણ બની શકે ભાવિ વડાપ્રધાન.....શાહ, યોગી કે ગડકરી ?

નવી દિલ્હી, તા.૨૩


સમગ્ર દેશમાં લોકસભાની ચુંટણી વખતથી જ આમ જનતાના મનમાં સવાલ ઉઠવા માંડ્યો હતો કે મોદી બનશે દેશના વડાપ્રધાન કે પછી બીજું કોઈ ? પરંતુ જનતાના પ્રશ્નો પર નરેન્દ્ર મોદીએ વડાપ્રધાન બની ને પૂર્ણ વિરામ મૂકી દીધું , પરંતુ હવે આ સવાલ ભાજપાના સમર્થકો વચ્ચે સવાલ ઊઠી રહ્યો છે કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી પછી કોણ છે? જે સ્વાભાવિક પણ છે. નરેન્દ્ર મોદીએ બે કાર્યકાળ પૂર્ણ કર્યા છે , અને હવે તેમનો વડાપ્રધાન તરીકે ત્રીજી વખતનો કાર્યકાળ શરૂ થયો છે. આ દરમિયાન દેશનું ભાવિ કોના હાથમાં સોંપવું એ નક્કી કરવા એક સરવે કરવામાં આવ્યો અને એ જાણવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો કે દેશના લોકો વડાપ્રધાન મોદી પછી કોને પીએમ તરીકે જોવા માંગે છે.

સર્વે મુજબ , ૨૫ ટકાથી વધુ લોકોએ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે પસંદ કર્યા છે. ત્યારબાદ ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અને ટ્રાન્સપોર્ટ અને હાઈવે મંત્રી નીતિન ગડકરી જેવા વરિષ્ઠ નેતાઓનો સમાવેશ થાય છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પછી સીએમ યોગી આદિત્યનાથને ૧૯ ટકા મત મળ્યા હતા. ટ્રાન્સપોર્ટ અને હાઈવે મંત્રી નીતિન ગડકરી ૧૩ ટકા મત મેળવીને ત્રીજા નંબર પર છે. આ ઉપરાંત કેન્દ્રીય રક્ષા મંત્રી રાજનાથ સિંહ અને કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણ બંનેને લગભગ ૫ ટકા મત મળ્યા છે.છેલ્લા બે સરવેમાં ૨૮ ટકા અને ૨૯ ટકા લોકોએ અમિત શાહને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ઉત્તરાધિકારી તરીકે પસંદ કર્યા હતા. દક્ષિણ ભારતમાં ૩૧ ટકાથી વધુ લોકો પણ માનવું છે કે, અમિત શાહ આગામી પીએમ પદ તરીકે સારા ઉમેદવાર બની શકે છે. અમિત શાહની જેમ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ઉત્તરાધિકારી તરીકે સીએમ યોગી આદિત્યનાથને સમર્થન આપતા લોકોની ટકાવારીમાં પણ ઘટાડો થયો છે. લગભગ ૧૩ ટકા લોકોએ નીતિન ગડકરીને સંભવિત વિકલ્પ તરીકે પસંદ કર્યા. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને સીએમ યોગી આદિત્યનાથના રેટિંગમાં થયેલા ઘટાડાનો ફાયદો કેન્દ્રીય મંત્રી રાજનાથ સિંહ અને શિવરાજ સિંહ ચૌહાણને થયો છે. સરવે અનુસાર કેન્દ્રીય મત્રી રાજનાથ સિંહની લોકપ્રિયતામાં લગભગ ૧.૨ ટકાનો વધારો થયો છે. જ્યારે મધ્ય પ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણની લોકપ્રિયતા વધી છે, જૂન ૨૦૨૪માં મોદી ૩.૦ કેબિનેટમાં જોડાયા પછી ભાજપના વડાપ્રધાન ઉમેદવાર તરીકે તેમની લોકપ્રિયતામાં વધારો થયો છે. વડાપ્રધાન પદના દાવેદાર માટેનો સરવે ૧૫મી જુલાઈથી ૧૦મી ઓગસ્ટ, ૨૦૨૪ની વચ્ચે કરવામાં આવ્યો હતો. જેમાં ૧,૩૬,૪૩૬ લોકોની સાથે દેશભરના ૫૪૩ લોકસભા મતવિસ્તારોને આવરી લેવામાં આવ્યા હતા .

### ૨૦ ઓગષ્ટથી ૨૯ ઓગષ્ટ, ''વર્લ્ડ વોટર વીક''

# પાણી ને ફૂટી છે વાણી, મને વાપરો જાણી જાણી નીર છે તો નૂર છે, બાકી દુનિયા ધૂળ છે

### જો પાણી જાય એળે, તો દુઃખ આવે આપમેળે



અમરેલી, તા.૨૩

સમગ્ર વિશ્વમાં ૨૦ ઓગષ્ટથી ૨૯ ઓગષ્ટ, ''વર્લ્ડ વોટર વીક'' ઉજવવામાં આવ્યો હતો. આ ઉજવવા પાછળનો હેતુ લોકોને પાણી બચાવવા માટે પ્રેરણા આપવાનો, જળનુ મહત્વ સમજાવવાનો તેમજ જળને વેડફાતુ અટકાવવાનો છે. વર્તમાન સમયમાં જળસમસ્યા દિન પ્રતિદિન વિકટ સ્વરૂપ ધારણ કરે છે. ત્યારે જળવ્યવસ્થાપન પણ યોગ્ય રીતે થાય તે મહત્વનુ છે. સનાતન સંસ્કૃતિમાં તો જળને દેવનું રૂપ આપવામાં આવ્યુ છે. જળ સમસ્યાઓમાં અછત અથવા દુકાળ , પૂરને કારણે લીલો દુકાળ, પાણીની વહેંચણીમાં થતા વિવાદ, પાણીમાં અશુધ્ધિના કારણે થતા રોગો, વિનાશક ત્સુનામી, જમીનનું ધોવાણ જેવા પ્રશ્નો ઉકેલ માંગી રહ્યા છે.

માણસ ભોજન વગર લાંબા સમય સુધી જીવી શકે છે, પરંતુ પાણી વગર બે થી ત્રણ દિવસ પણ જીવવુ મુશ્કેલ છે. આપણા શરીરમાં પણ અધિકાંશ ભાગ પાણી છે. જે જીવન માટે પાણી કેટલુ મહત્વનું છે. તેની સાબિતી આપે છે. તેમ છતા આટલા મહત્વપૂર્ણ પાણી પ્રત્યે આપણો દ્રષ્ટિકોણ ખૂબ સાધારણ અને ગેરજવાબદારી ભરેલુ છે. ગુજરાત અને થાર જવા ઘણા વિસ્તારોમાં આજે પણ મહિલાઓના જીવનનો મહત્વપૂર્ણ ભાગ માત્ર પાણીની સમસ્યા હલ કરતા જ નીકળી જાય છે. પાણીનું વ્યવસ્થિત આયોજન અને વિતરણ વ્યવસ્થા ખૂબ જરૂરી છે. પર્યાવરણની જાળવણી, વિકાસ, સામાજિક અને આર્થિક વિકાસ, ગરીબી ઘટાડા જેવી સમસ્યાઓના ઉકેલ માટે પાણી ખૂબ ઉપયોગી માધ્યમ છે. વિશ્વમાં સતત વધી રહેલી વસતી માટે ખાદ્ય ઉત્પાદન, ઉર્જા, ઔદ્યોગિક અને સ્થાનિક ઉપયોગ માટે પાણીની ઉપયોગિતા સતત વધી રહી છે. આપણી પૃથ્વી પર પણ ૭૭ ટકા ભાગમાં પાણી આવેલ છે. તેથી પૃથ્વીને "Blue Planet" પણ કહેવામાં આવે છે. આ પૃથ્વી પર જે ૭૧ ટકા પાણી છે. તેમાંથી ૯૮.૨ ટકા પાણી દરમિયાન આવેલુ છે. જે પીવા યોગ્ય નથી. આ ધરતી પર ૨.૧૫ ટકા પાણી બરફરૂપે રહેલ છે. ૦.૬૧ ટકા પાણી ભૂગર્ભમાં રહેલ છે. પૃથ્વી પર આવેલ જળાશયોમાં ૦.૦૦૯ટકા પીવાલાયક પાણી રહેલ છે. ૦.૦૦૮ ટકા આંતરિક સમુદ્રમાં, માટીમાં ભેજના સ્વરૂપે ૦.૦૦૫ ટકા, વાતાવરણમાં ભેજ સ્વરૂપે ૦.૦૦૧ ટકા તથા નદીઓમાં ૦.૦૦૧ ટકા પાણી આવેલ છે. પૃથ્વી પર પાણીનો અખૂટ જથ્થો છે. પણ પૃથ્વી પર રહેલ કુલ પાણીના જથ્થામાંથી ૯૭ટકા પાણી ખારૂ છે. જે પીવા યોગ્ય નથી. માત્ર ૩ ટકા પાણી જ પીવા યોગ્ય છે. જાણકારો તો માને છે કે હવે જો વિશ્વયુધ્ધ થશે તો તે પાણી માટે થશે. વર્તમાન સમયમાં કર્ણાટક અને તમિલનાડુની પાણીને લઈને જે સ્થિતિ છે તે આની સાબિતી આપે છે. જો અત્યારે પાણી બચાવવામાં નહી આવે તો ભવિષ્યમાં મોટી સમસ્યાઓ સર્જાય શકે છે. માત્ર પાણીનો બગાડ અટકાવવો જ જરૂરી નથી, પરંતુ સાથે સાથે તેના સંગ્રહની વ્યવસ્થા કરવી એટલી જ મહત્વની છે.

– જળ એ જીવન છે
– પાણીને ફુટી છે વાણી, મને વાપરો જાણી જાણી
–નીર છે તો નુર છે, બાકી દુનિયા ધૂળ છે.
– જો પાણી જાય એળે, તો દુઃખ આવે આપમેળે

**– મિતલ ખેતાણી (મો.૯૮૨૪૨ ૨૧૯૯૯)**

# અસુવિધાના મામલે યાત્રિકોએ IRCTC વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા

ઉજ્જૈન, તા.૨૩, ગુજરાતમાં IRCTCની | વિશેષ ટ્રેન દ્વારા ૭ જ્યોતિર્લિંગના દર્શનાર્થે ગયેલા ૪૦૦ યાત્રિકોને કડવા અનુભવ થયા છે. ઉજ્જૈનમાં યાત્રિકોને ભોજન સહિતની સુવિધા મુદ્દે અવ્યવસ્થા સહન કરવાનો વારો આવ્યો છે. ૭ જ્યોતિર્લિંગની યાત્રાને લઈને ૪૦૦ યાત્રિકોએ બુકિંગ કરાવ્યુ હતુ. આ બુકિંગના ૫૦ હજાર રૂપિયા તેમણે ખર્ચ્યા હતા. યાત્રિકોનો આક્ષેપ છે કે ૫૦,૦૦૦ ખર્ચવા છતા સુવિધાનો સદંતર અભાવ જોવા મળ્યો છે. યાત્રાળુઓએ IRCTCના વિરોધમાં નારા લગાવી બળાપો ઠાલવ્યો હતો.અસુવિધા મામલે યાત્રિકોએ IRCTC વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા. એક યાત્રિકના જણાવ્યા અનુસાર તેમને પ્રથમ દિવસથી અસુવિધાનો કડવો અનુભવ થયો હતો અને બીજા દિવસે પણ એ જ સ્થિતિ રહી હતી.ઉપરાંત ઉતારાનું સ્થળ અને ભોજન-નાસ્તા માટેનું સ્થળ ૧૫ કિલોમીટર દૂર રાખવામાં આવ્યુ છે. જેમા યાત્રિકોને તેમના પોતાના પૈસા ખર્ચીને નાસ્તા સ્થળે જવુ પડ્યુ હતુ. નાસ્તાની ગુણવત્તાને લઈને પણ યાત્રિકોએ સવાલ ઉઠાવ્યા છે. નાસ્તો સારો ન હોવાથી યાત્રિકોએ બહારથી પોતાના ખર્ચે નાસ્તો કરવો પડ્યો હતો.IRCTC સામે પણ યાત્રિકોની ફરિયાદ છે કે અન્ય કોઈ ગાડીનો રિજેક્ટ કરેલો કોચ તેમને ફાળવવામાં આવેલો છે. જેમા કોઈપણ પ્રકારની સુવિધા નથી. વેસ્ટર્ન ટોયલેટ નથી કે ના તો એસીમાં કુલિંગની વ્યવસ્થા છે. બાથરૂમમાં પાણી સુદ્ધા ન આવતુ હોવાની યાત્રિકોની ફરિયાદ છે. યાત્રિકોએ IRCTCની સર્વિસ બાબતે પણ સવાલ ઉઠાવ્યા છે.

# એકલેરા ગામે સ્વાતંત્ર દિવસની ઉજવણી કરાઈ



અમરેલી, તા. ૨૩

લીલીયાતાલુકાના એકલેરા ગામમાં ૭૮માં સ્વાતંત્ર દિવસની ઉજવણીના અવસર નિમિતે તિરંગા યાત્રાનું ભવ્ય આયોજન સાથે ગ્રામજનોની વિશાળ હાજરીમાં મહિલા સરપંચ કુ. રાજેશ્વરીબેન રાજયગુરુના હસ્તે ધ્વજ વંદન કરવામાં આવેલ. આ અવસરે વડીલોની હાજરીમાં શાળામાં જ્ઞાનની દેવ શ્રી સરસ્વતિ માતાની મૂર્તિની સ્થાપના વિધિ–વિધાન અને મંત્રોચ્ચાર સાથે સ્થાપ્ના કરવામાં આવતા વાતાવરણ અલોકિક બન્યુ હતુ. સાંસ્કૃતિક કાર્યક્રમ બાદ મીઠાઈનું વિતરણ કરાયેલ તેમ જયેશભાઈ રાજયગુરુએ જણાવ્યુ હતુ.

### SEBI એ ૨૫ જેટલી મોટી કંપનીઓ પર કરી કાર્યવાહી

# અનિલ અંબાણી સહિત ૨૪ અન્ય કંપનીઓ પર પ્રતિબંધ

### અનિલ અંબાણીને ૨૫ કરોડની પેનલ્ટી ફટકારવામાં આવી

મુંબઈ, તા.૨૩

માર્કેટ રેગ્યુલેટર SEBI એ ડિફોલ્ટર ઉદ્યોગપતિ અનિલ અંબાણી, રિલાયન્સ હોમ ફાયનાન્સના પૂર્વ અધિકારીઓ સહિત ૨૪ અન્ય કંપનીઓ પર ફંડ્સની હેરફેર કરવા બદલ પ્રતિબંધ મૂક્યો છે. તેઓ સિક્યુરિટી માર્કેટમાં કોઈ વ્યવહાર કરી શકશે નહીં. સેબીએ અનિલ અંબાણીને સિક્યુરિટી માર્કેટમાં, કોઈપણ લિસ્ટેડ કંપનીમાં ડિરેક્ટર અથવા કી મેનેજરિયલ પર્સનલ તથા માર્કેટ રેગ્યુલેટર સાથે નોંધાયેલ કોઈપણ મધ્યસ્થી સહિતની ભૂમિકા પર પ્રતિબંધ લાદવા ઉપરાંત રૂ. ૨૫ કરોડની પેનલ્ટી પણ ફટકારી છે. તેમજ રિલાયન્સ હોમ ફાયનાન્સ પર પણ છ માસનો પ્રતિબંધ લાદતાં રૂ. ૬ લાખની પેનલ્ટી ફટકારી છે.સેબીએ ૨૨૨ પાનાના અંતિમ આદેશમાં દર્શાવ્યું હતું કે, અનિલ અંબાણીએ RHFLના મુખ્ય અધિકારીઓની મદદથી RHFLમાંથી ફંડ ઉપાડી ગેરરીતિ આચરી લોન પેટે અન્ય કંપનીઓને આપ્યું હતું. RHFLના બોર્ડ ઑફ ડિરેક્ટર્સે કૉર્પોરેટ લોનની નિયમિત સમીક્ષા અને આવી લોન પ્રક્રિયા રોકવા માટે સખત નિર્દેશો જારી કર્યા હોવા છતાં કંપની મેનેજમેન્ટે આ આદેશોની અવગણના કરી હતી. અનિલ અંબાણીના પ્રભાવ હેઠળ અમુક મુખ્ય અધિકારીઓ નિયમોનું પાલન કરવામાં નિષ્ફળ રહ્યા હતા. આ સંજોગોને જોતાં, ગુનો આચરવામાં વ્યક્તિગત અધિકારીઓની સાથે RHFL કંપની પણ પોતે તેટલો જ હિસ્સો બની છે.વધુમાં, બાકીની કંપનીઓએ RHFL પાસેથી ગેરકાયદેસર રીતે ફંડ્સ ડાયવર્ઝન કરવા ગેરકાયદેસર રીતે લોન મેળવવાની ભૂમિકા ભજવી છે. જેથી તેમના પર પણ પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. અનિલ અંબાણીએ ADA ગ્રુપના ચેરપર્સન તરીકેના પદનો અને RHFLની હોલ્ડિંગ કંપનીમાં તેમના નોંધપાત્ર પરોક્ષ શેરહોલ્ડિંગનો દુરુપયોગ કરી છેતરપિંડી આચરી હોવાનું જાણવા મળ્યું છે. કંપનીના મેનેજમેન્ટ અને પ્રમોટરે પોતાની સત્તાનો દુરુપયોગ કરતાં કોઈપણ પ્રકારની સંપત્તિ, રોકડ પ્રવાહ, નેટવર્થ અને આવક ન ધરાવતી કંપનીઓની હજારો કરોડની લોન મંજૂર કરી હતી. જેઓ લોન ચૂકવવામાં નિષ્ફળ રહ્યા હતા. જેમાં મોટાભાગના દેણદારો રિલાયન્સ હોમ્સના પ્રમોટર્સ સાથે જોડાયેલા હોવાનું જાણવા મળ્યું છે. રિલાયન્સ હોમ ફાયનાન્સે હજારો કરોડ રૂપિયાની લોનમાં ગેરરીતિ કર્યા બાદ ડિફોલ્ટ થઈ હતી. આ કૌભાંડ જાહેર થતાં શેરની કિંમત બે વર્ષમાં જ રૂ. ૬૦થી ૦.૭૫ થઈ હતી. અત્યારે પણ ૯ લાખથી વધુ શેરધારકો મોટા નુકસાનનો સામનો કરી રહ્યા છે.૨૪ પ્રતિબંધિત સંસ્થાઓમાં રિલાયન્સ હોમ ફાયનાન્સ લિમિટેડ(RHFL)ના ભૂતપૂર્વ મુખ્ય અધિકારીઓ અમિત બાપ્રા, રવિન્દ્ર સુધલકર અને પિંકેશ આર શાહ સામેલ છે. જેમને પ્રતિબંધ અને પેનલ્ટીની સજા થઈ છે. અનિલ અંબાણી પર રૂ. ૨૫ કરોડ, બાપ્રા પર રૂ. ૨૭ કરોડ, સુધલકર પર રૂ. ૨૬ કરોડ અને શાહ પર રૂ. ૨૧ કરોડની પેનલ્ટી ફટકારાઈ હતી.વધુમાં, રિલાયન્સ યુનિકોર્ન એન્ટરપ્રાઈઝિસ, રિલાયન્સ એક્સચેન્જ નેક્સ્ટ LT, રિલાયન્સ કૉમર્શિયલ ફાયનાન્સ લિમિટેડ, રિલાયન્સ ક્લિનજેન લિમિટેડ, રિલાયન્સ બિઝનેસ બ્રોડકાસ્ટ ન્યૂઝ હોલ્ડિંગ્સ લિમિટેડ અને રિલાયન્સ બિગ એન્ટરટેઈનમેન્ટ પ્રાઈવેટ લિમિટેડ સહિતની બાકીની સંસ્થાઓને દરેકને રૂ. ૨૫ કરોડની પેનલ્ટી ફટકારવામાં આવી છે.

# હાથીગઢ પ્રાથમિક શાળા જ્ઞાનસેતુ પરીક્ષામાં અગ્રેસર



લીલીયા, તા.૨૩

લીલીયા મુકામે રાજય પરીક્ષા બોર્ડ દ્વારા લેવાયેલી જ્ઞાનસેતુ પરીક્ષામાં લીલીયા તાલુકાની હાથીગઢ પ્રાથમિક શાળાના ૫ વિદ્યાર્થીઓએ મેરિટમાં સ્થાન પ્રાપ્ત કર્યુ છે. જેમાં હર્ષ ભાડ, યાત્રી ધોરાજીયા, ધ્રુવિલ ભાડ, સાર્થ ભુવા, ધાર્મિક જાડેજા આ વિદ્યાર્થીઓને ધોરણ ૬ થી ૧૨ સુધી સ્કોલરશીપ અથવા રેસીડેન્સીયલ સ્કૂલ અથવા મીલીટરી સ્કૂલનો લાભ સરકાર દ્વારા આપવામાં આવશે. શાળાના આચાર્ય કલ્પેશભાઈ પંડયાએ વિદ્યાર્થીઓને આ સિધ્ધિ બદલ અભિનંદન પાઠવ્યા હતા. તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

## ગણતરીની મિનિટોમાં મેઘરાજાએ નદી, નાળાઓ છલકાવી દીધા

# દે ધનાધન : બગસરામાં ૨ કલાકમાં ૪ ઈંચ વરસાદ

**મોં માંગ્યો વરસાદ પડતાં મુરઝાતી મોલાતને ફાયદો થતાં ખેડૂતો ઝુમી ઉઠયા**

**લાંબા સમયનાં વિરામ બાદ મેઘરાજાનું આગમન થતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી**

**કુંકાવાવ નાકા, શાકમાર્કેટ, હોસ્પિટલ રોડ સહિતનાં વિસ્તારોમાં પાણી ભરાયું**

**આગામી કલાકોમાં વરસાદ પડવાની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી**





તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા.૨૩

બગસરામાં આજે વ્હેલી સવારે ફકત બે કલાકમાં પોણા ચાર ઈંચ જેટલો ધોધમાર વરસાદ પડયો હતો. વરસાદ પડતાની સાથે જ વીજળીના કડાકા ભાડકથી જાણે શહેર આખું ધ્રુજી ઉઠયું હોય તેવું રોદ્ર સ્વરૂપ જોવા મળેલ હતું. જેના હિસાબે લોકોમાં વીજળી પડવાનો ભય પણ વ્યાપી ગયો હતો. જયારે શહેરમાં વરસાદની તાતી જરૂરિયાત હોવાના લીધે જગતનો તાત ખુશ ખુશાલ થઈ ગયા હતા. ઘણા લાંબા સમયના વિરામ બાદ મેઘરાજાએ ફરી ધમાકેદાર એન્ટ્રી કરતા લોકોમાં ખુશીની લહેર છવાઈ ગઈ હતી. જયારે ખેડૂતોના ઊભા પાકમાં ઈયળો અને મુંડાનાં ત્રાસના હિસાબે મોલાતો ખરાબ થવા જઈ રહી હતી. જયારે આજે વરસાદ પડતાની સાથે મોલાતોમાં નવો જીવ આવી ગયો હોય તેવું લાગી રહ્યું છે. જયારે બીજી તરફ જોઈએ તો નીચાણવાળા વિસ્તાર જેવા કે કુંકાવાવ નાકા, શાક માર્કેટ, પોલીસ સ્ટેશનથી કુંકાવાવ નાકા સુધીનો મુખ્ય રોડ તેમજ હોસ્પિટલ રોડ ઉપર નદીઓ વહેવા લાગી હોય તેવું લાગી રહયું હતું. જયારે આ તમામ વિસ્તારમાં ગોઠણડૂબ પાણી ભરાય ગયા હતા.

### સામાન્ય બાબતે જીંદગી ટુંકાવતા યુવાનો

## લાઠીનાં ધામેલ ગામનાં યુવકે પિતા બાઈક લઈ જતાં ઝેરી દવા ગટગટાવી

**અમરેલી ખાતે સારવાર દરમિયાન અંતિમ શ્વાસ લીધા**

અમરેલી, તા. ૨૩

લાઠી તાલુકાનાં ધામેલ ગામે શામભાઈ કળસીયાની વાડીએ રહેતા અને મુળ મધ્યપ્રદેશના વતની સંજયભાઈ દિનેશભાઈ બામણીયા નામનાં ૧૮ વર્ષિય

અનુસંધાન પાના ૬ ઉપર






### પિતા–પુત્ર કૂવાકાંઠે લાકડુ ફેરવતા હોય

## સાવરકુંડલાનાં વણોટ ગામે કૂવામાં પડી જવાથી ૬૫ વર્ષિય વૃધ્ધનું મોત

**નાના એવા ગામમાં અરેરાટીનો માહોલ**

અમરેલી, તા. ૨૩

સાવરકુંડલા તાલુકાના વણોટ ગામે રહેતા નાગજીભાઈ વાઘજીભાઈ જીકાદરા નામનાં ૬૪ વર્ષિય વૃધ્ધ તથા તેમનો દીકરો હસમુખભાઈ નાગજીભાઈ જીકાદરા તા. ૨૧ના સાંજના ૫ વાગ્યે પોતાની વાડીમાં આવેલ કુવા કાંઠે લાકડું ફેરવતા હોય અને લાકડું વજનદાર હોય અને જે લાકડું ફેરવવા જતા અચાનક નાગજીભાઈ જીકાદરા કુવામાં પડી જતા સીમેન્ટનું પઢીયું માથામાં લાગી જતા ઈજા થતા વૃધ્ધ મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

## અમરેલી :ઈશ્વરીયામાં જુગાર રમતાં ૪ પત્તા પ્રેમીઓ ઝડપાયાં



અમરેલી, તા. ૨૩

અમરેલી પોલીસ અધિક્ષક હિમકર સિંહે જુગારની ગેરકાયદેસર પ્રવૃતિ કરતા ઈસમો ઉપર વોચ ગોઠવી, તેમના ઉપર સફળ રેઈડ કરવા સુચના અને માર્ગદર્શન આપેલ હતુ. જેથી અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. એ.એમ. પટેલની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમ અમરેલી રૂરલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ દરમિયાન બાતમીના આધારે અમરેલી તાલુકાના

અનુસંધાન પાના ૬ ઉપર

### હાલ રાજકોટ રહેતા યુવકને ૧૦ હજારની લોન આપવાનાં નામે

## બગસરાનાં વતની યુવકનાં નામે બેન્કમાં ખાતુ ખોલાવી લાખો રૂપિયાનાં થયા ટ્રાન્ઝેકશન

**યુવકે 3 ઈસમો વિરૂધ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી**

અમરેલી, તા. ૨૩

હાલ રાજકોટના મનહર સોસાયટી શેરી નં. ૪ ગામેતી હોલની પાછળ, દુધસાગર ડેરી રોડ ઉપર રહેતા અને મુળ બગસરાના વતની મહમદફારીજ કાદરભાઈ કાળવાતર નામનાં ૨૦ વર્ષિય યુવક પાસેથી ગત તા.૧૫/૨/૨૩ થી તા. ૩૦/૩/૨૩ દરમ્યાન કોઈપણ સમયે બગસરામાં રહેતા આરોપી મુસ્તુફાભાઈ ઈલીયાસભાઈ કાળવાતર તથા

અનુસંધાન પાના ૬ ઉપર

### ગાંધીના ગુજરાતમાંથી દારૂ આવે છે કયાંથી તે સમજાતુ નથી

## સાવરકુંડલામાંથી વિદેશી દારૂની ૭૨૦ બોટલ મળી આવતા કાર્યવાહી

**આરોપી અલ્પેશ ઉનાવાની શોધખોળ શરૂ**

અમરેલી, તા. ૨૩

અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. એ.એમ. પટેલની રાહબરી હેઠળ અમરેલી એલ.સી.બી. ટીમ તા. ૨૨ ના રોજ સાવરકુંડલા વિસ્તારમાં પેટ્રોલીંગ હોય તે દરમિયાન બાતમી મળેલ કે અલ્પેશ બાવચંદભાઈ ઉનાવા સાવરકુંડલા ગામે આવેલ જેસર રોડ, મધુવન સોસાયટીમાં પોતાની ફોર વ્હીલ કારમાં ભારતીય બનવાટના વિદેશી દારૂની હેરફેર કરે છે. જે બાતમીના આધારે દરોડો કરતા મજુકર આરોપી હાજર મળી આવેલ ન હતો અને તેના કબજાની ફોર વ્હીલ કારમાંથી ભારતીય બનાવટની વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની બોટલો નંગ ૭૨૦ (પેટી નંગ–૨૧) કિંમત રૂપિયા ૧,૨૭,૫૦૦ તથા એક સફેદ કલરની નંબર પ્લેટ વગરની ફોર વ્હીલ કાર કિંમત રૂપિયા ૪,૫૦,૦૦૦ મળી કુલ રૂપિયા ૫,૭૭,૫૦૦ નો મુદામાલ મળી આવતા, આરોપી વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી થવા સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.














૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ

**64,200/-**

(૧૦ ગ્રામ)

રહેલ તા. ૨૩/૦૮/૨૦૨૪ ના રોજ

હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166

બાલમુકુંદ જવેલર્સ પ્રા.લી.

એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬


*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)